REGISTERED No. B. 156.

શ્રી

# જૈન ધર્મ પ્રકાશ.

પુસ્તક ૩૮ મું. અંક ૩ જો.

જેઠ. સંવત ૧૯૭૮.

## अनुक्रमणिका.

૧-૨ શાન્તિનાથ પ્રભુને.-પ્રભુ વીર ત્હારો વિરહ. (પદ્યો.).... ૬૭-૬૮
૩-૪ ચેતનને શિખામણ.-ચિદાનંદજીકૃત બહોંતેરીનું પદ ત્રીજું. ૬૯-૭૦
૫-અષ્ટ પ્રકારી પૂજાના દુહા. .... .... .... .... ૭૧
૬-પરમ સુખ બત્રીશીની સંક્ષિપ્ત વ્યાખ્યા .... .... ૭૪
૭-ઇન્દ્રિય પરાજય અષ્ટક સંક્ષિપ્ત વ્યાખ્યા. .... .... ૭૭
૮-ધર્મને બરાબર ઓળખ્યાનું ફળ શું ? .... .... ૭૮
૯-હિતશિક્ષાના રાસનું રહસ્ય. .... .... .... ૭૯
૧૦-પરમાત્મા વીરપ્રભુના જીવનમાંથી કંઇક. .... .... ૮૩
૧૧-ધાર્મિક શિક્ષણની ખામી. .... .... .... .... ૮૫
૧૨-૧૩-સામાનું અંતઃકરણ જોવાની યુક્તિ.-પાપ-SIN..... ૮૭-૮૮
૧૪-જીવદયાની હિમાયત કરનારા જૈનોની ગંભીર ભુલ.... ૮૯
૧૫-૧૬-ધર્મગુરૂ વિષે.-કન્યા વિક્રયની ક્રૂરતા અટકાવવાનો ઉપાય.૯૦-૯૩
૧૭-૧૮-વર્તમાન સમાચાર.-સ્ફુટ નોંધ અને ચર્ચા. .... ૯૬-૯૮

...પ, શા વચનાના આલાપ ! ૩
..., તીવ્ર તપથી કૃશ થતાં અંગો;
...પ, જીવન શાન્તિથી વહો આપ. ૪
...લતી, શાંતિ વ્હો એ સૂત્ર સુણવતી;
... એ મૂર્તિને શું કહીએ ! ૫
...ની, પૂર્ણતા એ વહેતા ઝરણની;
અહો શાન્તિનો મહિમા !

વાર્ષિક મૂલ્ય રૂા. ૧-૮-૦
પોસ્ટેજ રૂા. ૦-૪-૦

ભાવનગર-'શારદાવિજય' પ્રી પ્રેસ...

# अमारूं पुस्तक प्रसिद्धि खातुं.

### १ तैयार छे-मंगावो.

१ श्री त्रिषष्टिशलाका पुरुष चरित्र भाषांतर पर्व १० मुं, महावीर चरित्र. आवृत्ति बीजी — २-८-०
२ श्री उपमिति भवप्रपंचा कथा भाषांतर-विभाग१लो-प्रस्ताव१-२-३. — ३-०-०
३ श्री उपदेश प्रासाद मूळ.विभाग ३ जो. स्थंभ १३ थी १८. — २-८-०
४ श्री उपदेश प्रासाद भाषांतर विभाग २ जो. स्थंभ ५-९ — २-०-०
५ श्री वृहत् क्षेत्र समास मोटी टीका सहित. — ३-४-०
६ श्री धन्यकुमार चरित्र भाषांतर. पृष्ट ७५० नी बुक — २-८-०

### २ प्रस्तावना छपाय छे-आ मासमां तैयार थशे.

७ श्री शांतिनाथ चरित्र भाषांतर. — २-०-०
८ श्री परिशिष्ट पर्व भाषांतर. — १-८-०
९ श्री उपदेश कल्पवल्ली भाषांतर. — १-८-०

### ३ छपाय छे.

१० श्री विनोदात्मक कथा संग्रह भाषांतर. (जैन धर्म प्रकाशनी भेट माटे)
११ श्री पर्वतिथि विगेरेना चैत्यवंदन स्तवनादिनो संग्रह.
१२ आठ दृष्टिनी सझाय सार्थ, गीरनार तीर्थमाळ विगेरे.
१३ उपमिति भवप्रपंचा कथा भाषांतर. विभाग २ जो.
१४ श्री अध्यात्मकल्पद्रुम-आवृत्ति त्रीजी.
१५ श्री उपदेश प्रासाद मूळ विभाग ४ थो. स्तंभ १९-२४ संपूर्ण

### ४ तैयार थाय छे.

१६ श्री हेमचंद्राचार्य चरित्र.
१७ प्रकरण पुष्पमाळा विभाग २ जो (नाना प्रकरणो सार्थ)
१८ श्री वर्धमान देशना. मागधी गाथाबंध संस्कृत छाया साथे.

---

## એક સભાસદનું ખેદકારક મૃત્યુ.

### શેઠ જગજીવન નરશીદાસ.

આ બંધુ સામાન્ય વ્યાધિમાં ભાવનગર ખાતે ચૈત્ર શુદિ ૫ ને દિવસે
મુકીને પંચત્વ પામ્યા છે. એમનો
અમે તેમના આત્માને શાંતિ ઈ-
કુટુંબી વર્ગને અંતઃકરણથી દીલા-

---

શેઠ બાવચંદભાઇ ગોપાળજી-કુંડલા
હાલ મુંબઈ.

પહેલો વર્ગ

૧ શ્રી જૈન સેવા સમાજ. વેરાવળ.

श्री

# जैन धर्म प्रकाश.

जं कल्ले कायव्वं, तं अज्जं चिय करेहु तुरमाणा।
बहुविग्घो हु मुहुत्तो, मा अवरण्हं पडिक्खेह ॥ १ ॥

"જે કાલે કરવું હોય ( શુભ કાર્ય ) તે આજેજ અને તે પણ ઉતાવળે કર, કારણકે એક મુહૂર્ત ( બેઘડી ) પણ ઘણા વિઘ્નવાળું હોય છે, માટે અપોર સુધી પણ ખમીશ નહીં. ( વિલંબ કરીશ નહીં. )

પુસ્તક ૩૮ મું. ] જેઠ-સંવત ૧૯૭૮. વીર સંવત ૨૪૪૮. [ અંક ૩ જો.

## " शान्तिनाथ प्रभुने. "

( સોરઠ—ત્રિતાલ )

પ્રભુની શાન્તિનું કરૂં પાન, જીવનના ઝરણનું નિશાન;
પિપાસુ પથિકને એ પ્રાણ, **भगवन्** શાન્તિનું ઘો વ્હેણ. ૧
બાલ્ય જીવન વિભુ શાન્તિમાં ખેલી, શાંત જીવનની શાન્તિમાં રેલી;
શાન્તિના સૂત્રો ગુંથી, શિશુ વયનું દીધું જ્ઞાન. ૨
જીવન વસંતે ચંપક વર્ણું, ખીલતું યૌવન તમ રસાળું;
તદપિ શાન્તિમાં ઝુલો આપ, શા વચનોના આલાપ ? ૩
સાધુજીવનના દુઃસહ દુઃખો, તીવ્ર તપથી કૃશ થતાં અંગો;
તદપિ શાન્તિનો જપો જાપ, જીવન શાન્તિથી વહો આપ. ૪
મૂર્તિ પ્રભુ તુજ એ રસે ઝુલતી, શાંતિ ત્રહો એ સૂત્ર સુણવતી;
ભક્ત હૃદયોને રેલવતી, એ મૂર્તિને શું કહીએ ? ૫
અંતિમતા તમ શાંત જીવનની, પૂર્ણતા એ વહેતા ઝરણની;
વ્યાપી કૈવલ્ય જ્ઞાને, અહો **शान्तिनो** મહિમા !

# પ્રભુ વીર ! ત્હારો વિરહ.

(શિખરિણી વૃત્તમ્.)

વહ્યાં વર્ષો વર્ષો, તુજ વિરહને આ જગતથી,
તથાપિ શબ્દો આ, જરી નવ ભુંસાયા હૃદયથી;
"અરે ગૌતમ ગૌતમ, ક્ષણભર પ્રમાદી થઇશ મા,"
વહે છે એ તાજો, તુઝ વચન રસ આ સ્મરણમાં. ૧

ઉંડા ઉંડા તત્ત્વો, અમૂલ અણગણ ત્હેં જ શીખવ્યાં,
ઉંચામાં ઉંચા ત્હેં, ગભીર અમને પાઠ પઢવ્યાં;
સુખોનાં સન્માર્ગો, સકળ જગને શિવગતિના.
વિભુ ! ત્હેં દર્શાવ્યા, જન ઋણી થયા સૌ પૃથિવીના. ૨

મળે કાર્યોદ્વારા, તુઝ ગહન બોધો જીવનના,
ક્ષમાના શાંતિના, અનુપમ દયા ને વિનયના;
તપોવારિ ધોધે, કર્મ કર્દમને હઠવીને,
ઉગાવ્યો ત્હેં વ્હાલા, વિમળ હૃદયે જ્ઞાનરવિને. ૩

કથ્યાં કેવળજ્ઞાને, નરકગતિ ને દેવગતિના,
સ્વરૂપો સાચાં જે, જન નવ કળે અલ્પમતિના;
શુભાશુભ કર્મોનાં, પડ પડ ખુલાં ત્હેં કરી મૂક્યાં,
અનેરાં આત્માનાં, અમીત ઉદધિ રેલવી મૂક્યાં. ૪

પતિતો પાપીને, પુનીત કરનારો ય તું જ છે,
કરોડો ભવ્યોને, શિવસદન દેનાર તું જ છે;
જગતને ઉદ્ધારી, અમર સુખનાં સ્થાન અરપ્યાં,
તમિસ્રોને ટાળી, રવિ દ્યુતિ સમા જ્યોત જગવ્યાં. ૫

વિભો ! ત્હારા વીના, અવની પર અંધાર ઉતર્યાં,
મનુજો પ્રાણીમાં, વિધવિધ દુઃખો ઝેર પ્રસર્યાં;
વીરા ત્હેં સ્થાપેલું, તૂટી ગયું બધું ઐક્ય અધુના,
સ્થિતિ આ શાસનની, નીરથી ભરતી નેત્ર સહુના. ૬

વસ્યો વૈકુંઠે તું, "વીર ! વીર !" અમે નિત્ય વદીએ,
વિરહથી ઓ ! વ્હાલા, ભવ અટવીઓમાં રઝળીએ;
અમોને ઉદ્ધારે, તુજ વિણ ન કો અન્ય જગમાં,
વહો હરદમ્ હરદમ્, તુજ વચન રસ આ જીગરમાં. ૭

"સુંદર"

# " ચેતનને શીખામણ "

( રાગ ધનાશ્રી )

ચેત તું ચતુર સુજાણ, ચેતન ! ચેત તું ચતુર સુજાણ.
ભૂલી ગયો તું ભાન, ચેતન ! ચેત તું ચતુર સુજાણ;
મદન કોદ્ર અણશોધી ખાધાં, ગયું દીસે તુજ નાણ-ચેતન૦ ૧
વસ્તુ ધર્મ અછતો ભાસે, એ તુજ ૠદ્ધિ હાણ-ચેતન૦
તુજ માન્યતા મનુષ્ય જીંદગી, વિષયાસકત ગુલતાન-ચેતન૦ ૨
પ્રાયે જગના જીવો દીસે, બાળચેષ્ટાનું ભાન-ચેતન૦
શું સંતોષે ગોષ્ટી કરવી, એ કેમ નહીં તુજ સાન-ચેતન૦ ૩
અજ્ઞાની આલાપ સંલાપે, કર્મબંધનની ખાણ-ચેતન૦
મોહ મદીરા છાકે વિકલ્પો, સુધ બુધ લીધી તાણ-ચેતન૦ ૪
ગણ્યા ગાંઠ્યા આયુષ્યના દિવસો, મિથ્યા પ્રવર્તે કરે હાણ-ચેતન૦
શું સુખે તુજ નિદ્રા આવે, શું સુખે મોજ માણ-ચેતન૦ ૬
આમ છતાં પણ તુજ પ્રવૃત્તિ, સુધરી નહીં હે અજાણ-ચેતન૦
હા ! હા ! મુરખતા તુજ કેવી, પરભવ સોચ ન આણ-ચેતન૦ ૭
ધન ત્રીયાદિક અંતર દ્રષ્ટે, ઐશ્વર્ય સુખ પ્રમાણ-ચેતન૦
પુન્યાઇ ખાઈ પૂર્ણ પસ્તાઈ, ધસી કર જઇશ અનાણ-ચેતન૦ ૮

ઓધવજી ગીરધર.

# ચિદાનંદજી કૃત બહોતેરીનું પદ ત્રીજું.

( રાગ મારૂ. )

સુઅપ્પા આપ વિચારો રે, પરપખ નેહ નિવાર—સુ૦ એ આંકણી.
પર પરણીત પુદ્ગલ દિસારે, તામેં નિજ અભિમાન;
ધારત જીવ એહી કહ્યો પ્યારે, બંધ હેતુ ભગવાન. સુ૦ ૧
કનક ઉપલમેં નિત રહેરે, દુધમાંહે ફુની ઘીવ;
તિલ સંગ તેલ સુવાસ કુસુમ સંગ, દેહસંગ તેમ જીવ. સુ૦ ૨
રહત હુતાશન કાષ્ટમેં રે, પ્રગટે કારણ પાય;
લહી કારણ કારજતા પ્યારે, સહેજે સિદ્ધિ થાય. સુ૦ ૩
ખીરનીરથી ભિન્નતા રે, જૈસેં કરત મરાળ;
તૈસેં ભેદ જ્ઞાની લહ્યા પ્યારે, કટે કર્મથી જાળ. સુ૦ ૪
અજકુલ વાસી કેસરી રે, લેખ્યો જિમ નિજ રૂપ;
ચિદાનંદ તિમ તુમહુ પ્યારે, અનુભવ શુદ્ધ સ્વરૂપ. સુ૦ ૫

(તાત્પર્યાર્થ)

હે રૂડા—ભવ્ય આત્મા ! પર પૌદ્ગલિક શરીરાદિક ઉપરનો રાગ—મોહ તજી તું વિચાર કરી ખરૂં ખોટું પારખી શકશે. દેહ ધનાદિક જડ વસ્તુમાં ભળી એકમેક થઇ જવારૂપ વિભાવ દશાને પોતાની (સ્વાભાવિક) માની લેવા રૂપ મિથ્યાભિમાન ધારવાથી જીવ અનેક વિધ કર્મોથી બંધાતો રહે છે, એમ પરમ જ્ઞાનીજનો સ્વાનુભવથી જણાવે છે તે સત્ય માનવા યોગ્ય છે. (૧)

જેમ પથ્થરમાં સોનું, દુધમાં ઘી, તલમાં તેલ અને ફુલમાં સુગંધ કાયમ રહે છેજ તેમ શરીરમાં જીવ વ્યાપી રહે છે. (૨)

જેમ લાકડામાં અગ્નિ રહે છે તે તેવું નિમિત્ત પામીને પ્રગટ થાય છે તેમ ખરાં સાધનરૂપ કારણ મળતાં આત્માની સહજ સિદ્ધિરૂપ કાર્ય બનવા પામે છે. કારણ વગર કાર્યસિદ્ધિ થઈ શકતી નથી. (૩)

જેમ રાજહંસ સ્વચંચુવડે દુધ પાણીને જુદા કરી શકે છે, તેમ ભેદ-જ્ઞાન કહો કે ખરૂં તત્ત્વ—આત્મજ્ઞાન પ્રગટતાં સદ્વિવેક જોગે જુઠી કર્મની જાળ તોડીને આત્મા સ્વતંત્ર થાય છે. (૪)

જેમ બકરાના ટોળામાં બચપણથી વસનાર સિંહે કવચિત્ સિંહની ગર્જના સાંભળી કે સિંહને સાક્ષાત્ દેખી પોતાનું ખરૂં સ્વરૂપ ઓળખી લીધું તેમ અનુભવ જ્ઞાનથી આત્મા પોતાના શુદ્ધ સ્વરૂપનો નિર્ધાર કરી, પછી પરપૌદ્ગલિક વસ્તુનો સંગ અંતરથી તજીને ન્યારો થઇ રહે છે. (૫)

**સાર**—અનાદિ મોહવશ જીવ ક્ષણિક ને કલ્પિત તુચ્છ વિષયસુખમાં મુંઝાઇ રહ્યો છે–રહે છે, તેમાંથી ખરેખર છુટવાને આત્મજ્ઞાન જેવું સરસ સાધન બીજું નથી. આત્મજ્ઞાન યોગે અનુભવ પ્રકાશ થતાં ખોટી વસ્તુ ઉપરની મોહની–આસક્તિ છુટી જાય છે અને અનંત ભવભ્રમણનાં દુઃખોમાંથી જીવ પોતે ઉગરી અક્ષયસુખને સહેજે પામી શકે છે. ઇતિશમ્.

# अष्टप्रकारी पूजाना (रसिक जनोए उच्चारवा योग्य) दूहा (सार्थ)

**ન્હવણ વિલેપન કુસુમની, ધૂપ દીપ મનોહાર;**
**અખંડ અક્ષત નૈવેદ્યની, અષ્ટમી ફળ સુવિચાર. ૧ (ઇત્યાદિક)**

ભાવાર્થ—૧ સ્નાન (સ્નાત્ર અભિષેક), ૨ સર્વાંગ વિલેપન, ૩ પુષ્પ, ૪ દ્વાદશાંગાદિક ધૂપ, ૫ જયણાયુક્ત ફાનસ વિગેરેમાં સુરક્ષિત મનોહર ગાયના ઘીનો દીપક, ૬ અણીશુદ્ધ ઉજવળ તંદૂલ (ચોખા), ૭ શુદ્ધ સ્વદેશી સાકરનું ચોખ્ખાઇથી બનાવેલ નૈવેદ્ય–પકવાન્નાદિ તથા ૮ ઉત્તમ પ્રકારનાં સરસ ને શોભિતાં ફળવડે સદ્ભાવથી અષ્ટપ્રકારી પૂજા પ્રભુ સમીપે ભાવિક ભાઇ બ્હેનો નિરંતર નિરઅસર કરતાં રહે છે. ૧

ભાવપૂજાના લાભ હેતે દ્રવ્યપૂજાનો અધિકાર ગૃહસ્થ શ્રાવક–શ્રાવિકાઓ માટે દાખ્યો છે; કારણ યોગે કાર્ય નીપજે છે, તે હેતુથીજ ગૃહસ્થજનોને વિશાળ દ્રવ્યપૂજા પ્રથમ કરવી કહી છે. ૨

'પ્રથમ જળપૂજા'—જેમ ઇન્દ્રાદિક દેવો પ્રભુનો વિશાળ સ્નાત્ર–અભિષેક કરીને પોતાના આત્માને નિર્મળ કરી ધન્ય–કૃતપુન્ય માને છે તેમ જળ પૂજાવડે ભાવિક જનોએ પોતાના આત્માને કર્મ મળ રહિત શુદ્ધ કરવો ઘટે છે. સુજ્ઞ ચકોર હોય તે તેનો અનાદર નજ કરે. મુગ્ધ અજ્ઞાન જનોજ તેમાં મંદાદર કે ઉપેક્ષા કરે. ૩

બીજી ચંદન યા વિલેપન પૂજા—પોતાના–આત્માના અસંખ્યાત પ્રદેશોને સદ્ગુણથી વાસિત કરવાને અધિક ઉલ્લસિત ભાવ આણીને ચંદનવતી પ્રભુ પૂજા કરો. ૪

ઉત્તમ પ્રકારના ચંદનવતી પ્રભુપૂજા કરીને પોતાના પરિણામ ચંદનની જેવા શીતળ અને સુગંધી બનાવે જેથી ભવભય ભાંજે, સંસાર તાપ શમે ને આત્મા જન્મમરણનાં સઘળા ભયમાંથી મુકત થઈ નિર્ભય–મોક્ષપદ પામે. ૫

ત્રીજી પુષ્પપૂજા—જેનાથી દેવલોકનાં સુખ સહેજે પમાય તે ત્રીજી વિશાળ પુષ્પપૂજા ભાખી છે. પુષ્પ પૂજા તાજાં, ઉમદાં અને વિકસિત સુગંધી પુષ્પોવડે કરાય છે. તેથી પ્રભુપૂજા કરનારના મનોભાવ પણ વિશાળ થાય છે–સુપ્રસન્ન રહેવા પામે છે. ૬

દુર્ગતા–ગરીબ નારી ભગવાન્ મહાવીરદેવને સમવસર્યા જાણી સિંદુવારના ફૂલ લહીને વંદન પૂજન કરવા જતાં માર્ગમાંજ આયુષ્ય ખૂટતાં પ્રભુનાજ પવિત્ર ધ્યાનયુક્ત કાળ કરીને દેવગતિ પામી, તો શુદ્ધ ભાવયુક્ત પ્રભુપૂજા કરનારનું તો કહેવુંજ શું ? એ અધિકાર શ્રી હરિભદ્રસૂરિકૃત પૂજાપંચાશકથકી જાણી લેવો. કઇક મુગ્ધજનો પોતે મલીનારંભી છતાં કેવળ ઢૂંઢકલોકોના ભરમાવ્યાથી પ્રભુની પવિત્ર પુષ્પોવડે પૂજા કરતાં સંકોચ ધરે છે, તેમના હિત માટે ઉપરનો દુર્ગતા નારીનો દાખલો ઠીક ઉપયોગી છે. બાકી દેવતાઓ મંદાર–કલ્પવૃક્ષાદિકનાં સુગંધી પુષ્પોવતી તેમજ પુષ્કરણીઓ–વાવડીઓમાં ઉત્પન્ન થતાં સુગંધી પુષ્પોવડે પ્રભુપૂજા ઉલ્લસિત ભાવે કરતા વખણાય છે; વળી જેઓ સુગંધી પુષ્પોવડે પ્રભુપૂજા સદ્ભાવથી કરે છે તે દેવતાઓને પણ અનુમોદન પાત્ર બને છે ઇત્યાદિક વચનો સાથે 'વંદણ વત્તિયાએ, પૂઅણ વત્તિયાએ, સક્કાર વત્તિયાએ ઇ૦ આવશ્યક વચનોનું પણ સમર્થન છે. ૭

ચોથી ધૂપપૂજા—જેમ અગ્નિ યોગે કાષ્ટ બળે છે તેમ ધ્યાનયોગે કર્મ પ્રજળે છે. એવો ધ્યાનાગ્નિ પ્રજાળવા નિમિત્તે પ્રભુની ધૂપપૂજા કરો કે જેથી આત્મસાક્ષાત્કાર કરીને મોક્ષસુખ પામો. ૮

જેમ સુગંધી ધૂપ મલીન વાસનાને દૂર કરી શુદ્ધ વાસના પ્રગટાવે છે, તેમ પ્રભુ સમીપે શુભ ભાવથી સુગંધી દ્વાદશાંગાદિ ધૂપની પૂજા કરી, અનાદિ મલીન વિભાવ પરિણતિ ટાળી, પરભાવમાંની આસક્તિ દૂર કરો અને શુદ્ધ સ્વભાવરમણતારૂપ આત્માની સહજ સુવાસના જગાડો. ૯

પાંચમી દીપક પૂજા—જગદીપક રૂપ પ્રભુની આગળ દીપક પૂજા કરીને એવી ભાવના કરો કે અનાદિ કાળનું અવરાયેલું પોતાનું જ્ઞાન પોતાને પ્રગટ થવા પામે. ૧૦

જેમ કેવળજ્ઞાનરૂપ દીપક પ્રગટ થતાં લોકાલોકના સર્વ ભાવ પ્રગટપણે જણાય છે તેમ એવા સર્વજ્ઞ પ્રભુ આગળ દ્રવ્ય દીપકની પૂજા કરવાથી સકળ જ્ઞાનાવરણીય દૂર કરી કેવળજ્ઞાન પ્રાપ્ત થાય છે. ૧૧

છઠ્ઠી અક્ષત પૂજા—પછી અખંડ એવા અક્ષત-ચોખાવડે પ્રભુપૂજા કરતાં ઉજ્વળ શાળ-વ્રીહી, ગોધૂમ વિગેરે પ્રભુ પાસે ઢોકી મોહની ધૂન ઉતારો. ૧૨

અક્ષય-અવિનાશી મોક્ષફળ લેવા અક્ષતની ઉદાર પૂજા કરીએ. એ પૂજાયોગે આ ભવમાં પણ રાજઋદ્ધિ ભંડાર અક્ષય થાય. પૂજામાં વાપરવાના અક્ષતાદિ સાવ અખંડજ જોઇએ. ૧૩

સાતમી નૈવેદ્ય પૂજા—હલી રાજાની પેરે પ્રભુની સમીપે નૈવેદ્યની પૂજા કરીએ અને ભવ-સંસારથી વૈરાગ્ય પામી, શાશ્વત મોક્ષપદ માગીએ. ૧૪

નિશ્ચયથી મ્હારો આત્મા પુદ્ગળ ભાવનો કર્તા-ભોક્તા નથી. તેથી તજવા યોગ્ય જડ-પુદ્ગળનો ત્યાગ કરીને શાશ્વત સુખ પામીએ. ૧૫

આઠમી ફળ પૂજા—ઉત્તમ-સરસ ફળવતી પ્રભુપૂજા કરીને પોતાનો જન્મ સફળ કરો અને તરણતારણ પ્રભુ પાસે એકજ વસ્તુ માગો કે હે દીનબંધો ! અમને આ અપાર ને ભયંકર ભવસાગરથી જરૂર પાર પમાડો. ૧૬

જેના ઉત્તમ ફળ-પરિણામની ઉપમા જગતમાં કોઈની સાથે ઘટતી નથી અને જે મોક્ષફળ પામ્યા પછી જેનો કદાપિ અંત આવતોજ નથી એવાં અક્ષય, અવિનાશી, સંપૂર્ણ, અવિચળ, કોઇ પ્રકારના રોગાદિક વિકાર વગરનાં અનંત શાશ્વત મોક્ષનીજ એ પરમજ્ઞાની પ્રભુની પાસે અહો ભવિકજનો ! તમે એક નિષ્ઠાથી માગણી કરો. ૧૭

**સાર બોધ**—આજ કાલ કોઈ કોઈ સ્થળે ભાવિક ભાઈ બ્હેનો પ્રભુની અષ્ટપ્રકારી પૂજા કરતા હોય છે તેઓ તથા તેમનું અનુકરણ કરીને બીજાઓ પણ હેતુ સહિત દ્રવ્યપૂજાનો અધિક આદર કરીને ભાવપૂજાનો અમૂલ્ય લાભ હાંસલ કરો ! ઇતિશમ્.

## પ્રાસંગિક બોધ (પાત્રતા સંબંધી)

ભલી પાત્રતા-યોગ્યતા પામેલ ધર્મનિષ્ઠ સજ્જનોના સમાગમથી-તેમના ચિર પરિચયથી, તેમનામાં રહેલા સદ્ગુણોની યથામતિ ને યથાઅવસર અનુમોદના-પ્રશંસા કરવા ઉપરાંત આપણાથી બને તેટલું તેનું શુદ્ધ ભાવથી અનુકરણ કરવાથી આપણે સહેજે ભલી પાત્રતા પામી શકીએ છીએ.

પાત્રતા વગર પ્રાપ્તિ હોઇ ન શકે. પાત્રતા વગર પરાણે મેળવેલી વસ્તુ જીરવી શકાય નહીં અને એથીજ એ ફાયદારૂપ થાય નહીં.

# પરમ સુખ બત્રીશીની સંક્ષિપ્ત વ્યાખ્યા.

૧ ધર્મ અધર્મનું અંતર સમજી જીવ અજીવાદિક તત્ત્વોને પીછાની જ્યારે આત્માને ઓળખીશ ત્યારે તું પરમ સુખ પામીશ. પરમ સુખ તે તાત્વિક મોક્ષ સુખ.

૨ જ્યારે નિર્દયતા—કઠોરતા તજી મૈત્ર્યાદિક ભાવના યુક્ત છતો દયાળુ બનીશ ત્યારે તું પરમ સુખી થઇશ.

૩ જ્યારે સહુનો વિશ્વાસ ખોનારી મૃષા—જૂઠી વાણી નહીં વદીશ અને હિત ને પ્રિયકારી સત્યજ વદીશ ત્યારે તું પરમ સુખ પામીશ.

૪ અન્યને થતી પીડા સમજી જ્યારે તું પરના અર્થે કે સ્વપર ઉભયના અર્થે કોઇનું અણુઆપ્યું કશું નહીં લઇશ ત્યારેજ તું પરમ સુખ પામીશ.

૫ શુદ્ધ ધર્મના અભ્યાસથી જ્યારે તું વિષયભોગથી વિરમીશ અને બ્રહ્મચર્ય પાળવામાં રકત રહીશ ત્યારેજ તું પરમ સુખ પામીશ.

૬ ધન ધાન્યાદિક વસ્તુઓ વિષે થતી ભારે મૂર્છા—મમતા સાવ તજી, જ્યારે તું પરિગ્રહના ઉન્માદથી મુક્ત થઇશ ત્યારેજ તું પરમ સુખ પામીશ.

૭ વીણાદિકનો મધુર સ્વર અને ઉંટ ગર્દભનો કઠોર શબ્દ સાંભળતાં જ્યારે મનોવૃત્તિ સમતોલ રહેશે ત્યારેજ તું પરમ સુખ પામીશ.

૮ ઇષ્ટ કે અનિષ્ટ વસ્તુ દીઠે છતે, સદ્બુદ્ધિ ધારી જ્યારે તું રાગરોષથી દૂર રહીશ ત્યારેજ તું પરમ સુખ પામીશ.

૯ શુભ કે અશુભ ગંધ નાસિકામાં આવતાં જો તેમાં રાગ દ્વેષ નહીં કરે—કરતો અટકીશ તોજ તું પરમ સુખ પામીશ.

૧૦ મનગમતો કે અણગમતો આહાર પામી જ્યારે તું તેમાં સમભાવ—હર્ષ ખેદ રહિત પરિણામ રાખીશ ત્યારેજ તું પરમ સુખ પામીશ.

૧૧ સુખકર—સુંવાળો કે દુઃખકર—ખરસટ સ્પર્શ થયે છતે જ્યારે તું નિર્વિકારી—સમભાવ રાખી શકીશ ત્યારેજ તું પરમ સુખ પામીશ.

૧૨ સર્વ સંતાપકારી ક્રોધ અને વિરોધને તજી જ્યારે તું દયા અને સમતા—અમૃતમાં આસક્ત [મગ્ન] થઇશ ત્યારેજ તું પરમ સુખનો ભાગી થઇ શકીશ.

૧૩ માન—અહંકાર મૂકી લઘુતા ધારી, જ્યારે તું નમ્રતારૂપ વજ્રવડે માનરૂપ પર્વતના ચૂરેચૂરા કરીશ ત્યારેજ તું પરમ સુખ પામીશ.

૧૪ પરને દુઃખ—પાશમાં નાખવા માટે કરવામાં આવતી ભારે ઠગાઇને તજી જ્યારે તું શ્રેષ્ઠ સરલતા આદરીશ ત્યારેજ તું પરમ સુખ પામીશ.

૧૫ સંતોષની વૃદ્ધિથી પુષ્ટ થયો છતો, નિઃસ્પૃહતારૂપ નાવવડે જ્યારે તું લોભ--સમુદ્રને તરી જઇશ ત્યારેજ તું પરમ સુખ પામીશ.

૧૬ વિષય–કષાયથી વ્યાપ્ત થઇ કાયમ ચોતરફ ભમતા મનને જ્યારે તું આત્મારામમાં સ્થિર કરીશ ત્યારેજ તું પરમ સુખ પામીશ.

૧૭ જ્યારે ગર્વ–મદભરી નકામી વિકથાઓ કરવાનો ઢાળ તજી દઇ, વચનગુપ્તિવડે ભારે કાબુ રાખતો રહીશ ત્યારેજ તું પરમ સુખ પામીશ.

૧૮ કાચબાની પેરે અંગોપાંગને સંકોચી રાખી, જિતેન્દ્રિય બની પોતાની કાયાને કબજે રાખી શકીશ ત્યારેજ તું પરમ સુખ પામીશ.

૧૯ સદાગમના સંસેવનવડે જ્યારે તું રાગરૂપી વિષધરનું અતિ આકરૂં વિષ બીલકુલ દૂર કરી નાંખીશ ત્યારેજ તું પરમ સુખ પામીશ.

૨૦ જ્યારે ક્ષમારૂપી ખડ્ગવડે દ્વેષ વિનાજ દ્વેષને તું સુખનો અર્થી છતો હણી નાંખીશ ત્યારેજ તું પરમ સુખ પામીશ.

૨૧ આળસ–પ્રમાદ રહિત બની જ્યારે તું મોહમયી નિદ્રાનો ખરેખર જય કરીશ ત્યારેજ સદા સદ્દભાગી એવો તું પરમ સુખને પામી શકીશ.

૨૨ અનાદર પ્રમુખ પ્રમાદ તજીને જ્યારે તું ઉત્તમ ધર્મકરણી કરવા ઉજમાળ થઇશ ત્યારેજ તું પરમ સુખ પામીશ.

૨૩ જ્યારે વિવેકવડે કામ–ભોગનો અત્યંત જય કરીને શુદ્ધ ધ્યાન–સંપદામાંજ તું રાતો રહીશ ત્યારેજ તું પરમ સુખ પામીશ.

૨૪ નિંદાકારી શત્રુ અને સ્તુતિ–પ્રશંસાકારક મિત્ર એ બંને ઉપર સમતોલ મનોવૃત્તિ થશે ત્યારેજ તું પરમ સુખ પામીશ.

૨૫ સમ–વિષમ સ્થિતિ આવ્યે છતે કદાપિ હર્ષ–શોક નહીંજ કરીશ ત્યારેજ તું પરમ સુખ પામીશ.

૨૬ મિથ્યા માન અને મમતાને મૂકી જ્યારે તું પોતાના શુદ્ધ નિરંજન આત્માને નિશ્ચળપણે ધ્યાઇશ ત્યારેજ તું પરમ સુખ પામીશ.

૨૭ સમસ્ત દોષોથી મુક્ત થવા માટે જ્યારે તું સદા પ્રયત્ન કરીશ અને પરમાત્મદશા પામીશ ત્યારેજ તું પરમ સુખને પામી શકીશ.

૨૮ જ્યારે મોક્ષમાર્ગ આરાધવા ખુબ લીન થયો છતો વિશુદ્ધ સાધુ–ધર્મના શિખરે પહોંચીશ ત્યારેજ તું પરમ સુખનો ભાગી થઇ શકીશ.

૨૯ લાભ કે હાનિ, સુખ કે દુઃખ તેમજ જીવિત કે મરણ એ સર્વમાં તને સમભાવ આવશે ત્યારેજ તું પરમ સુખ પામી શકીશ.

૩૦ જ્યારે પરમાત્માના ગુણગ્રામ કરવાવડે આત્માને પરમાત્મા સાથે

જોડીશ અને પોતાનો આત્માજ પરમાત્મારૂપ થશે ત્યારેજ તું પરમ સુખ ભોક્તા થઇશ.

૩૧ જ્યારે તારો આત્મા સંપૂર્ણ (કેવળ) જ્ઞાને કરી યુક્ત અને પરમ-આનંદ-ચારિત્ર સંપન્ન થયો છતો સકળ પુન્ય પાપથી સર્વથા મુક્ત થશે ત્યારેજ તું પરમ સુખને પામીશ.

૩૨ જ્યારે ધ્યાન-સૂર્યયોગે આત્મારૂપી પદ્મ ( કમળ ) વન વિકસિત-વિકસ્વર થશે અને સર્વજ્ઞ પ્રભુ સમાન શ્રેષ્ઠ જ્ઞાનસંપદા પ્રગટ થશે ત્યારેજ તને પરમ સુખરૂપ મોક્ષની પ્રાપ્તિ થઇ શકશે.

સાચા સુખના અર્થી સહુ ભવ્યાત્માઓને ઉપર સૂચવેલી વસ્તુસ્થિતિનું યથાર્થ ભાન શ્રદ્ધાન થવા પૂર્વક એની એકાન્ત હિતકારી દિશામાં નિશ્ચિત પ્રયાણ કરવા સદા સદ્બુદ્ધિ જાગો એટલું ઇચ્છી અત્ર વિરમાય છે. ઇતિશમ્

——०:०:०——

## પ્રાસંગિક બોધ ( પાત્રતા સંબંધી. )

(અનુસંધાન પૃષ્ટ ૭૩ થી.)

તેવા સંત-સજ્જનોનો સુયોગ દુર્લભ હોય તેમણે શુભ પાત્રતા પામવાને માર્ગદર્શક ધર્મરત્ન પ્રકરણ મૂળ-ટીકા-ભાષાન્તર અથવા એનાજ સમર્થન રૂપ શ્રીમદ્ યશોવિજયજી કૃત ૩૫૦ ગાથાના સ્તવન પૈકી પાછલી ઢાળો કે જૈન હિતોપદેશ તેમજ શ્રાવક કલ્પતરૂ વિગેરે કઇક સ્થળે તે સંબંધી બ્યાન છે તે મનનપૂર્વક વાંચી, સાંભળી, વિચારી પોતાનામાં તેવી રૂડી પાત્રતા પ્રગટાવવા જરૂર પ્રયત્ન સેવવો જોઇએ.

આપણે પોતે પાત્રતા પેદા કરી આપણી વ્હાલી પ્રજાને પણ ધર્મ પાત્ર (લાયક) બનાવવા કાળજી રાખવી જોઇએ. પાત્રતાની ખામીથીજ આપણી ખરાબી થઇ છે અને એ ભારે ગંભીર ખામી દૂર કરવા તનતોડ પ્રયત્ન કરવામાં નહીં આવશે તો એથી પણ અધિક ખરાબ પરિણામ આવવા સંભવ છે.

જુઓ ! ગરીબ ગાયોને તૃણ-ઘાસ નીરવામાં આવે છે તેના બદલામાં તે અમૃત સમું મીઠું દૂધ આપે છે અને એજ દૂધ જો સર્પને પાવામાં આવે છે તો તેથી વિષનીજ વૃદ્ધિ થવા પામે છે. બંનેમાં કેટલો બધો પટાંતર છે.

સુખના અર્થી જનોએ અવશ્ય ધર્મસેવા કરવી જોઇએ. ધર્મનું સ્વરૂપ યથાર્થ પીછાનવું, શ્રદ્ધવું અને આચરવું. પાત્રતા યોગે એ બધું સુલભ બને છે અને પાત્રતાની ખામીથી યથાર્થ ધર્મની પીછાન, શ્રદ્ધા અને સેવા દુઃશકય અથવા અશકય બને છે, તેથી શરૂઆતથીજ પાત્રતા મેળવી લેવા ભારે પ્રયત્ન કરવો ઘટે છે.

——————

# ઇન્દ્રિય પરાજય અષ્ટક–સંક્ષિપ્ત વ્યાખ્યા.

( તત્ત્વજ્ઞાનનો નમુનો )

૧ જો તું જન્મ મરણનાં દુઃખથી ડર્યો–કંટાળ્યો હોય અને તેનાં અનંત દુઃખોથી છુટવા ઇચ્છતોજ હોય તો ઇન્દ્રિયોને કાબુમાં રાખવા ત્હારાથી બને તેટલો દ્રઢ પ્રયત્ન કર.

૨ તૃષ્ણા–જળથી ભરેલા ક્યારારૂપ ઇન્દ્રિયોવડેજ પુષ્ટ થયેલા વિકારરૂપી વિષવૃક્ષો, મૂઢ જનોને ભારે મૂર્છા ઉપજાવે છે. સુજ્ઞ સંતોષી જનો જિતેન્દ્રિય હોઈ, તેવા વિકારને વશ થતા નથી તેથી તેઓ સદા સુખીજ રહે છે.

૩ હજારો ગમે નદીઓનાં જળથી નહીં પૂરાતા સમુદ્ર સમો ઇન્દ્રિયોનો સમૂહ અતૃપ્તજ રહે છે; માટે અંતરાત્માથીજ તૃપ્ત થા.

૪ મોહરાજાની આજ્ઞા પ્રમાણે ચાલનારી ઇન્દ્રિયો સંસારથી વિરક્ત પ્રાય આત્માને પણ વિષયપાસથી બાંધી લે છે.

૫ ઇન્દ્રિયોના પાસમાં પડેલો જીવ ડુંગરની માટીને ધન માની દોડે છે પણ અનાદિ અનંત જ્ઞાનધન પોતાની પાસે (અંતરમાં) રહેલું છે, તેને તે દેખી શકતો નથી.

૬ મૂઢ જનો જેમાં આગળ આગળ તૃષ્ણા વધતીજ જાય છે એવા મૃગ–તૃષ્ણા સમાન ખોટા ઇન્દ્રિયોના વિષયો ભણી અમૃત સમાન જ્ઞાનનો અનાદર કરી દોડ્યા જાય છે; એથી અંતે તેઓ મૃત્યુવશ થઈ ભારે દુઃખી થયા કરે છે.

૭ પંતગીઆ, ભ્રમરા, માછલાં, હાથીઓ અને હરણીયા એક એક ઇન્દ્રિયની પરવશતાથી દુર્દશા–પ્રાણાંત કષ્ટ પામે છે, તો પછી એ પાંચે દુષ્ટ ઇન્દ્રિયોને વશ થઈ રહેનાર જીવોનું તો કહેવુંજ શું ?

૮ વિવેક–હસ્તીને વિદારવા કેશરીસિંહ સમી અને સમાધિ–ધનને લુંટી લેવા ચોર સમી દુષ્ટ ઇન્દ્રિયોથી જે અજિત રહે છે તેજ ધીર પુરૂષોમાં અગ્રેસર ગણાય છે.

ઇતિશમ્.

---

હજુ પણ સવેળા ચેતીને 'પાણી પહેલાં પાળ' બાંધવા જેવો સફળ પ્રયત્ન કરવાથી ફાયદો થઇ શકશે.

વ્યવહાર ધર્મની પણ પ્રાપ્તિ, રક્ષા ને પુષ્ટિ તથાપ્રકારની પાત્રતા–યોગેજ થઇ શકે. પાત્રતા વગર તે શોભા (ફળ) રૂપ ન થાય. વાસ્તવિક–નિશ્ચય ધર્મની પ્રાપ્તિ તો ઉત્તમ પ્રકારની પાત્રતા યોગેજ હોઇ શકે. તે વગર હોઇ નજ શકે. આ વાત સર્વજ્ઞોક્ત નિઃસંદેહ માનવી ઘટે.

---

# ધર્મને બરાબર ઓળખ્યાનું ફળ શું ? સુબુદ્ધિને સંબોધન.

ધર્મને યથાર્થ સમજ્યાનું ફળ પોતે ધર્મી-ધર્મનિષ્ઠ થવું એજ હોઇ શકે, નહીં કે ધર્મીમાં ખપવું-ધર્મીપણાનો ડોળ કરવો, દાંભિકતા આદરવી એ રૂપ હોઈ શકે. **ઉપદેશમાળાકાર** સ્પષ્ટતાથી કહે છે કે **ખરા ધર્મ કે ધર્મીમાં માયાકપટ-દંભરચના નજ હોય,** અર્થાત્ માયાવી-દંભી જનો ખરો ધર્મ ન પામી શકે; એટલે ખરા ધર્મના અર્થી જનોએ તો માયા-કપટ કે દંભ રચનાથી દૂરજ રહેવાનું હોય, તે વગર ખરા ધર્મની પ્રાપ્તિ અને તેની રક્ષા તેમજ વૃદ્ધિ થઇ નજ શકે. વસ્તુસ્થિતિ આમ છતાં દુનિયામાં મોટે ભાગે ઉલટુંજ વર્તન જોવામાં આવે છે. ખરા ધર્મી જનો બહુજ થોડા હોય છે. ધર્મ ધર્મી જનોમાંજ નિવસે છે. ખરા ધર્મના અર્થી જનો તેવા ધર્મી જનોની ખરી ધર્મકરણીની અનુમોદના-પ્રશંસાવડે બને તેટલા અનુકરણ કરનારજ હોય છે, ત્યારે સ્વયં ધર્મહીન છતાં ધર્મીમાં ખપવા ઇચ્છતા દંભીજનો ખરા ધર્મી જનોની ધર્મકરણીની અનુમોદના-પ્રશંસા કે યથાશક્તિ અનુકરણ કરવાનું બાજુએ રાખીને તેની નિંદા કે હેલનાદિક કરવામાં સંતોષ માને છે. સામાન્યતઃ ધર્મ બે પ્રકારે સમજવા યોગ્ય છે. ૧ નિશ્ચયથી અને ૨ વ્યવહારથી. તેમાં નિશ્ચયથી તો **'વત્થુ સહાવો ધમ્મો'** એટલે **વસ્તુનો મૂળ સ્વભાવ એજ ધર્મ છે.** શુદ્ધ સ્ફટિક રત્ન સમાન ઉજ્વળ-નિર્મળ-નિષ્કલંક-નિષ્કષાયતારૂપ આત્માનો મૂળ સ્વભાવ સર્વજ્ઞોએ સાક્ષાત્ જાણ્યો, જોયો, અનુભવ્યો ને પ્રરૂપ્યો છે. સ્ફટિક જાતે ઉજ્વળ છતાં ઉપાધિ ( ફુલ ) સંબંધથી જેમ વિવિધ રંગનું પ્રતિભાસે છે તેમ પાપ-પુન્ય રૂપ ઉપાધિ સંબંધથી આત્મા પણ રાગ-દ્વેષ પરિણામને પામે છે. ફુલરૂપ ઉપાધિ સંબંધ દૂર થતાં જેમ સ્ફટિક રત્ન તેનાં મૂળ રૂપમાં પ્રકાશે છે તેમ પુન્ય-પાપરૂપ ઉપાધિ સંબંધ તથાપ્રકારના વિવેકભર્યા સદુદ્યમવડે દૂર થતાં આત્મા રાગદ્વેષના પરિણામ રહિત શુદ્ધ વીતરાગ-નિષ્કષાય દશાને સ્વભાવેજ પામે છે. એ વીતરાગ દશામાં જે અનુપમ સુખ રહ્યું છે તે સુખને સરખાવવાનું સાધન દુનિયામાં કયાંય નથી. એવું અક્ષય અનંત અનુપમ સુખ પ્રગટાવવા વિવેકભર્યા સદુદ્યમની જરૂર છે. તેના અનેક-અસંખ્ય સાધન છે. તે સહુ વ્યવહાર ધર્મના નામે ઓળખાય છે. અધિકાર પરત્વે આદરનારને તે સહુ સુખદાયક બને છે અને અંતે અક્ષય-અવિનાશી પદ સાથે જોડી આપે છે; તેથીજ ધર્મની વ્યવહાર-સામાન્ય વ્યાખ્યાજ એવી કરવામાં આવે છે કે દુર્ગતિમાં પડતાં બચાવે અને સદ્ગતિ સાથે જોડી આપે તે ધર્મ, પછી તે ધર્મ ગૃહસ્થયોગ્ય હોય કે ત્યાગી સાધુયોગ્ય હોય.

ધર્મના પરિપાલનથી આત્માની ઉત્તરોત્તર ઉન્નતિજ થવા પામે છે, પરંતુ અત્યારે પાત્રતા જાળવી રાખવાનીજ દરકાર બહુ ઓછી કરવામાં આવે છે. ધર્મ-સર્વસ્વ પ્રકરણમાં તેમજ અન્ય કઈક સદ્ગ્રંથોમાં તેવી પાત્રતા મેળવવા ખુબ પ્રયત્ન કરવા ભાર દઈને કહ્યું છે, તે વાંચી–સાંભળી–વિચારી ખુબ મનન કરી આપણી ન્યૂનતા દૂર કરવા ખુબ મથવું જોઈએ, તે વગર તો બધા ફોફા ખાંડવા જેવો બહારનો ડોળ જાણવો. વસ્ત્રને શુદ્ધ કર્યા વગર તેને રંગ કયાંથી બેસે ? અને ભીંતને ઘઠારી મઠારી સાફ કર્યા વગર તેમાં ચિત્ર ક્યાંથી ખીલે ? તેમ પાત્રતા–યોગ્યતા–લાયકાત મેળવ્યા વગર ચિંતામણિ ધર્મ ક્યાંથી પમાય ? તે વગર તેની કદર પણ ક્યાંથી કરાય ? તે શુદ્ધ સર્વજ્ઞોકત ધર્મ પાળવા ખરી અભિલાષાજ હોય તો ખોટા ધર્મીમાં ખપવાનો વ્યર્થ શ્રમ કરવા કરતાં નિર્દંભ-પણે નિજ દોષ ટાળી પાત્રતા મેળવવી અને પવિત્ર ધર્મ પામવા સફળ પ્રયત્ન કરવો.

ઇતિશમ્.

---

# हितशिक्षाना रासनुं रहस्य.

( અનુસંધાન પૃષ્ટ ૬૪ થી )

જે શીળધર્મને ભાવપૂર્વક ધારણ કરે છે તેના પ્રભાવથી અગ્નિની જવાળા શાંત થઇને પાણીરૂપ થઇ જાય છે, સર્પ પુષ્પની માળારૂપ થઈ જાય છે અને કષ્ટ માત્ર વિસરાળ થાય છે. શીળ ધર્મથી નારદો સિદ્ધિપદને પામ્યા. શીળ ધર્મથી જંબૂસ્વામીની કીર્તિ વિસ્તાર પામી. શીળધર્મના પ્રભાવથી સ્થૂળભદ્રે કામને જીત્યો અને ચોરાશી ચોવીશી સુધી નામ અખંડ કર્યું, શીળથી સુદર્શન શેઠને શૂળીનું સિંહાસન થયું, શિવકુમાર અને વંકચૂલ પણ શીળધર્મથી સુખ પામ્યા ને કષ્ટ નાશ પામ્યું. આ પ્રમાણેનો શીળધર્મનો પ્રભાવ જાણી સર્વ જીવોએ શીળધર્મનું અવશ્ય સેવન કરવું.

હવે તપધર્મ પણ ભાવપૂર્વક કરવાથી અનેક જીવો પરમ પદને પામ્યા છે. તપથી પણ કષ્ટ નાશ પામે છે અને સુખની પ્રાપ્તિ થાય છે. તપધર્મના આરાધનથી પાંડવો મુક્તિએ ગયા. કાકંદી નગરીના સ્વામી તપ તપવાથી–એકમને નિશ્ચળ તપ કરવાથી સર્વાર્થસિદ્ધના સુખ પામ્યા, સનત્ કુમાર ચક્રી તપધર્મથી દેવપણું પામ્યા, નંદીષેણને તપથી થયેલ લબ્ધિથી સુવર્ણની વૃષ્ટિ થઈ, અર્જુન માળી ને દ્રઢપ્રહારી વિગેરે તપ કરીને સંસારનો પાર પામી ગયા. આ બધા ભાવ સહિત તપ કરવાના ઉત્તમ ફળ છે, તે જાણીને સર્વ જીવોએ યથાશક્તિ બાહ્ય અને અભ્યંતર બંને પ્રકારના તપનું આરાધન કરવું.

હવે ભાવધર્મ સંબંધી ફળ કહે છે. ભાવધર્મના આરાધનથી-શુદ્ધ ભાવ ભાવવાથી જીવ કેવળજ્ઞાન પામે. જુઓ ! ભરતચક્રી ઉજ્વળ ભાવના ભાવવાથી આરીસાભવનમાં સર્વજ્ઞ થયા, મૃગલાને ભાવના ભાવવાથી દેવગતિ પ્રાપ્ત થઇ. તેણે માત્ર મુનિદાનની અનુમોદનાજ કરી હતી. વલ્કલચીરી વિગેરે ઘણા જીવો ભાવધર્મનાં આરાધનથી કેવળલક્ષ્મી પામ્યા છે. તેથી ભાવધર્મ આ સંસારમાં ચારે પ્રકારના ધર્મમાં મુખ્ય છે. દાન શીળ ને તપ એ ત્રણ પ્રકારના ધર્મ પણ ભાવ સંયુક્ત હોય તોજ પૂર્ણ ફળદાતા થઇ શકે છે.

ઉત્તમ જીવો આ ચારે પ્રકારના ધર્મની યથાશક્તિ આરાધના કરે. વળી મુનિમહારાજના સંયોગે આગમ અવશ્ય સાંભળે. મુનિમહારાજને દેખીને હર્ષ પામે, આગમની કે સાધુની કદી પણ નિંદા ન કરે. કોઇ કરતો હોય તો તેને વારે. જુઓ ! અભયકુમારે ભિખારીએ લીધેલી દીક્ષાની નિંદા કરનારાઓનું યુક્તિથી નિવારણ કર્યું હતું. લોકો હાંસીમાં કહેતા હતા કે-'ભાઈ ! આણે તો બહુ લક્ષ્મી તજી દીધી ! ઘર બાર કે સ્ત્રીપુત્ર કાંઇ હતું નહીં, પહેરવા લુગડું નહોતું, ખાવા પૂરૂં મળતું નહોતું તે સાધુ થયા, એટલે મોટા ત્યાગી કહેવાણા !' આવી નિંદા સાંભળીને અભયકુમારે પાંચ રત્નો મોટી કિંમતવાળા લઇને ભર બજાર વચ્ચે મૂકયા અને કહ્યું કે-'જે કોઇ પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ કે વનસ્પતિનો સર્વથા ત્યાગ કરે તે આ પાંચે રત્નો અથવા તેમાંથી એકનો ત્યાગ કરનાર એક રત્ન ઉપાડી લેય.' પણ કોઈ તે રત્ન ઉપાડી શકયું નહીં. કારણ કે ગૃહસ્થને એ પાંચે અથવા તેમાંની એકેક વસ્તુ પણ સર્વથા તજવી મુશ્કેલ છે. પછી અભયકુમારે કહ્યું કે-"તમે આ સાધુની નિંદા કેમ કરો છો ? એણે આ પાંચે વસ્તુ સર્વથા તજી દીધી છે; તેથી તે તમારા બધા કરતાં શ્રેષ્ટ છે, વળી તે ત્રસ-કાયને તો કદીપણ હણતા નથી અને કંચન પથ્થરને સમાન લેખવે છે, અર્થાત્ કંચનની પણ ઇચ્છા કરતા નથી. વળી તેમણે સર્વ પ્રકારના કામભોગ ત્યજી દીધા છે, વ્યાપાર માત્રનો ત્યાગ કર્યો છે; આવા સાધુની તમે નિંદા કરો છો અને કહો છો કે તેણે શું તજ્યું છે ? આમ કહેવું તમને ઘટતું નથી."

આ પ્રમાણેનાં અભયકુમારનાં વચનો સાંભળી સર્વે લોકો લજ્જા પામ્યા. આ કથા ઉપરથી સાર એ ગ્રહણ કરવાનો છે કે ઉત્તમ જનો સાધુની નિંદા કદી કરતા નથી, તેમની સ્તુતિ કરે છે અને અન્ય કોઇ નિંદા કરતું હોય તો તેનાથી રક્ષા કરે છે-તેનું નિવારણ કરે છે. એવા પુરૂષો આ સંસારસમુદ્રને અભયકુમારની જેમ તરી જાય છે

વળી ઉત્તમ જનો આગમની સારી રીતે રક્ષા કરે છે અને અપૂર્વ અ-પૂર્વ ગ્રંથો શીખે છે; તેમજ અન્યને પોતે શીખેલ-ભણેલ હોય તે શીખવે

છે. ભણાવનારના પુણ્યની ગણત્રી નથી અર્થાત્ તે અત્યંત પુન્યબંધ કરે છે. યાવત્ તીર્થંકર નામકર્મ પણ એનું (જ્ઞાનનું) પઠન પાઠનાદિવડે આરાધન કરવાથી બાંધી શકે છે-બાંધે છે.

પોતાની બુદ્ધિ કદી અલ્પ હોય તો પણ ભણવાનો ઉદ્યમ છોડવો નહીં, જુઓ! માષતુષાદિકે તેમ કરવાથી અપૂર્વ લાભ મેળવ્યો હતો. તેનું દૃષ્ટાંત આ પ્રમાણે :—

પૂર્વ ભવમાં બે બાંધવ હતા. તેમણે સાથે ચારિત્ર લીધું હતું. માષતુષ મુનિ થયા તે નાના ભાઇ હતા, તેમણે જ્ઞાન ઘણું મેળવ્યું હતું અને આચાર્ય થયા હતા. પછી તેમને સંપૂર્ણ જ્ઞાતા જાણી અનેક મનુષ્યો જુદી જુદી બાબતમાં પૂછવા આવતા હતા, એટલે તેમને બીલકુલ અવકાશ મળતો નહોતો, તેથી દુર્ભાગ્ય યોગે એવો માઠો વિચાર આવ્યો કે-"આ બધો ઘણું ભણ્યાનો ને આચાર્ય પદવી મેળવ્યાનો સંતાપ છે. મારો મોટો ભાઇ મૂર્ખ છે તો તેને કાંઇ ઉપાધિ છે? નિરાંતે ખાય છે ને ઉંઘે છે. હું પંડિત થયો તેનું આ બધું દુઃખ છે માટે મૂર્ખ રહેવુંજ સારૂં લાગે છે." આ પ્રમાણેના અશુભ વિચારની શ્રેણિ ચાલતી હતી તેવામાં આયુષ્ય પૂર્ણ થવાથી કાળ કર્યો ને મરણ પામીને મનુષ્ય થયા. તે ભવમાં પણ દીક્ષા લીધી, પરંતુ પૂર્વના અશુભ કર્મને લીધે મૂર્ખ થયા. તોપણ ભણવાનો ઉદ્યમ છોડ્યો નહીં. ગુરૂએ **મા રૂસ ને મા તુસ** એ બે પદજ ગોખવાના કહ્યા કે જેમાં મહા અર્થ ભરેલો હતો. તે પદ તે મુનિએ બાર વર્ષ સુધી ગોખ્યા. ગોખતાં ગોખતાં પણ બંને પદમાંથી એકેક અક્ષર ભૂલી ગયા અને **'માસ તુસ, માસ તુસ'** એમ ગોખવા લાગ્યા; પરંતુ પોતાના જ્ઞાનાવરણીય કર્મ માટે અત્યંત પશ્ચાત્તાપ કરવાથી તે કર્મ સર્વથા ખપાવીને કેવળજ્ઞાન પામ્યા. લોકોએ તો તે મુનિનું **માસતુસ** નામજ પાડી દીધું હતું તે કાયમ રહ્યું. આ કથા ઉપરથી બુદ્ધિમંત હોય તોપણ ભણવાનો અભ્યાસ છોડવો નહીં. ભણતાં ભણતાં બુદ્ધિની મંદતા નાશ પામે છે ને તીવ્રતા પ્રાપ્ત થાય છે.

સુશ્રાવક મોઢેથી સર્વથા સાચુંજ બોલે અને ન્યાયથી દ્રવ્ય ઉપાર્જન કરે. એમ કરવાથી વ્યવહાર શુદ્ધિ થાય અને તેવા શુદ્ધ દ્રવ્યથી મેળવેલ ભોજન કરવાથી આહાર શુદ્ધિ થાય, એટલે મન પણ ચોખું થાય, વાણીમાં મધુરતા આવે, મધુર વાણી બોલવાથી લોકમાં વલ્લભ થાય, લોકપ્રિયતાને લઇને સમકિત બીજ પણ વૃદ્ધિ પામે, સમકિતને નિર્મળ રાખે-દોષ ન લગાડે અને દેવ, ગુરૂ, ધર્મ-એ ત્રણ તત્ત્વની સારી રીતે આરાધના કરે, જેથી અનુક્રમે આઠે કર્મના મળનો નાશ કરે. અરિહંતને દેવ માની ઋષભાદિક પ્રભુને ન-

મસ્કાર કરે, સદ્દગુરૂને ગૌતમસ્વામી જેવા માની તેમની યથોચિત ભક્તિ કરે અને સર્વજ્ઞકથિત જૈનધર્મનું યથાશક્તિ આરાધના કરે, જેથી પરિણામે અનંત સુખની પ્રાપ્તિ થાય.

ત્રણ તત્ત્વનું આરાધન કરનાર સમકિતી જીવ સમકિતના પાંચ દૂષણ ટાળે ને પાંચ ભૂષણ સ્વીકારે. અનુક્રમે સમકિત સહિત શ્રાવકના વ્રતો ગ્રહણ કરે, જેથી દેવો પણ તેને નમસ્કાર કરે; કારણ કે તેઓ તો સર્વદા અવિરતિ હોય છે. વિરતિવંત જીવની અશુભ ગતિ ન થાય, છેદન ભેદનાદિ દુઃખ ન પામે, દીર્ઘ આયુષ્ય મેળવે અને વ્રતોનું આરાધન કરી દેવગતિ પામી ત્યાંથી ચ્યવી મનુષ્ય થઈ સર્વવિરતિ અંગીકાર કરી પ્રાંતે મોક્ષસુખ મેળવે.

જ્યાંસુધી જીવને અવિરતિનો ઉદય હોય છે ત્યાંસુધી અલ્પ પણ વિરતિ લઈ શકાતી નથી. જુઓ ! શ્રેણિક રાજા મહાવીર પરમાત્માનો સંયોગ મળ્યા છતાં પણ કાગડાના માંસનું પણ પચ્ચખ્ખાણ કરી શક્યા નહોતા. દેવોનો આખો ભવ એવી રીતે અવિરતિપણામાંજ વ્યતીત થાય છે અને તેથી આગળ પણ વિરતિ પ્રાપ્ત થવી મુશ્કેલ થાય છે. જેવો અભ્યાસ પડેલો હોય છે તેવીજ વૃત્તિ રહે છે. જેમણે આ ભવમાં નિર્મળ વ્રત પાળ્યાં હોય છે તેમને આગળ પણ વ્રત લેવાની ઈચ્છા થાય છે અને સંયોગ પણ તેવા પ્રાપ્ત થાય છે. વિરતિપણા વિના આ જીવને લાગેલા વિષમ કર્મના વ્યાધિ દૂર થઇ શકે તેમ નથી.

આ પ્રમાણેના સદ્દવિચારથી વ્રતો ગ્રહણ કરવા, પણ વ્રત લીધા પછી તેને ખંડિત કરવા નહીં, તેમાં દોષ લગાડવા નહીં, કદી કાંઇ ભૂલ થઇ જાય તો તેનો પસ્તાવો કરી ફરીને તે વ્રત વધારે વિશુદ્ધિથી પાળવું. જેથી બંધાયેલ અશુભ કર્મ નાશ પામી જાય. પોતે ત્યાગ કરેલી વસ્તુ કદી ભૂલથી મોઢામાં નાખી દેવાય તો યાદ આવે કે તરત તે કાઢી નાખવી–એમ કરવાથી વ્રતનો ભંગ થતો નથી અને જો તે વસ્તુ ખાઇ રહ્યા પછી યાદ આવે તો બીજે દિવસ તેનો ત્યાગ કરે અને થયેલ ભૂલનો મિચ્છાદુક્કડ આપે, જેથી આરાધકપણું થાય. કોઇ વસ્તુ અચિત્ત છે કે સચિત્ત ? એવો સંશય પડ્યા પછી સચિત્તનો ત્યાગી જો તે વસ્તુ ખાય તો તે વસ્તુ અચિત્ત હોય તો પણ તેના વ્રતનો ભંગ થાય.

કોઇ મનુષ્ય બહુ માંદો હોય, ભૂતપ્રેતાદિથી ગ્રસિત થયેલો હોય, પરવશ થયેલો હોય, સર્પદંશ થયો હોય તો એવે વખતે ઉત્તમ જીવો તો બનતા સુધી લીધેલ વ્રત પાળે છે, પણ કદી ન પળી શકે તો તેથી તેનો ભંગ થતો નથીં. કારણ કે બધા વ્રત નિયમોમાં ચાર આગારો કહેલા હોય છે. જે મનુષ્ય સહેજે-નિષ્કારણ વ્રતનો ભંગ કરે તે વિરાધક થાય છે. તેણે પોતાના ગુરૂનું પણ અપમાન કર્યું સમજવું. તે પ્રાણી પરિણામે અપાર દુઃખ પામે છે.

હવે રાસના કર્ત્તા કહે છે કે-ઉત્તમ જીવે નાની મોટી પણ કોઇ પ્રકારની આખડી-બાધા જરૂર લેવી-નિયમ લેવો; એથી પરિણામે લાભજ થાય છે. જુઓ ! કમળ શ્રેષ્ઠીપુત્રે કુંભારની તાલ જોયા પછી ખાવાનો નિયમ કર્યો હતો તો તેથી પણ તેને લાભ થયો હતો. તેની કથા આ પ્રમાણે—

(અપૂર્ણ.)

## પરમાત્મા વીરપ્રભુના જીવનમાંથી કંઈક.

(લેખક—મોહનલાલ ડી.)

ચૈત્ર શુકલ ત્રયોદશીના પવિત્ર દિવસે પ્રભુ શ્રી વર્ધમાન સ્વામી ક્ષત્રીય-કુંડ નગરમાં જન્મેલા, આયુષ્ય માત્ર ૭૨ વર્ષનુંજ, તેમાં પણ ત્રીશ વર્ષ તો સાંસારિક દશામાં, બાર વર્ષ છદ્મસ્થમાં અને ત્રીશ કેવળી દશામાં. આટલા ટુંક સમયમાં તેમણે એવા ઉંચા પ્રકારે જીવન ગાળ્યું કે જેથી આજસુધી જૈન અને જૈનેતર સમાજ તેમને માટે અતુલ માન ધરાવી રહી છે અને તેમના ચારિત્રનો વિસ્તારથી ફેલાવો કરવામાં આવે તો સારી દુનિયા તેમના માટે ઉંચો મત ધરાવે તેમાં લેશ પણ શંકા જેવું નથી. કેમકે તેમના પ્રરૂપેલા તત્ત્વોજ એવા અત્યુત્તમ છે. તેમનું આખું જીવનજ બોધથી ભરેલું છે. જરૂર માત્ર ગ્રહણ કરી વર્તનમાં ઉતારવાની છે. મોક્ષપ્રાપ્તિ માટે સૌ કોઇ અભિલાષિત હોય છે અને હોવાજ જોઇએ; તે સાથે જે ઉચ્ચાત્માઓએ તેની પ્રાપ્તિ કરી તેમનું અનુકરણ કરવાની પણ તેટલીજ આવશ્યકતા છે. અમૃતપૂર્ણ સરોવર નિહાળવા માત્રથી અમર નથી થવાતું પણ તેનો સ્વાદ ચાખવાથીજ અમરત્વ લભ્ય થઇ શકે છે, તેજ પ્રમાણે આપણે પણ વારંવાર તેમના ચરિત્રનું વાંચન અને મનન કરી તેમણે અંગીકાર કરેલા માર્ગે આત્માને પ્રવર્તાવવાની દ્રઢ પ્રતિજ્ઞા લેવાની છે. એમ કરતાં કરતાંજ આપણી ઉન્નતિ શક્ય છે. તેમના પૂર્વના સત્તાવીશ ભવો તે વાતની સાક્ષી પૂરે છે. પ્રથમ ભવે એક ગ્રામ્ય જીવન ગાળનાર, તેને સાધુનો સમાગમ, મરિચીના ભવમાં કુળનો મદ તથા પ્રવ્રજ્યાનો ત્યાગ અને ત્રિદંડી વેશનું ધારવાપણું,-વારંવાર બ્રાહ્મણ જાતિમાં જન્મ અને ત્રિદંડીની દીક્ષા, નિયાણું કરી વાસુદેવ થવું અને કાનમાં સીસું રેડવારૂપ અતિ તીવ્ર કર્મોપાર્જન, નર્કગમન, ધનશ્રેષ્ઠીના ભવમાં મહા દુષ્કર તપ-આ સર્વ ઉપરથી જોતાં એટલું તો સહજ જણાઇ આવે છે કે સમ્યકત્વ પ્રાપ્તિ અગર તો તીર્થંકરપણું હરકોઇ ભવ્ય વ્યક્તિને માટે પ્રાયઃ થઇ શકે તેવી વસ્તુ છે. ત્યાં શ્રીમંતની કે રંકની યા તો બ્રાહ્મણની કે શુદ્રની ગણનાને સ્થાન નથી. વળી તેનો સ્વાદ ચાખ્યા છતાં પ્રાણી કિલષ્ટ

કર્મો ઉપાર્જન કરવા જેટલી હદે પહોંચે છે, એટલે કે ભૂલ નજ થાય તેમ નથી. સાથે સાથે એ પણ સૂચવાયું છે કે તેવાં તીવ્ર કર્મો તોડવા ધારનાર આત્મા તપની સહાયથી તેમ કરી શકે છે. પણ નિકાચિત કર્મબંધને તો ભોગવ્યા સિવાય છુટકો થતોજ નથી. વળી જે વસ્તુ માટે ગર્વ થાય છે તેની આગામી ભવમાં ઉણપ રહે છે અને જેને માટે અત્યંત રાગ ધરવામાં આવે છે તેનો પ્રાદુર્ભાવ વધુ સમય થાય છે, એ કર્મનો કાયદો તેમાંથી સાફ તરી આવે છે. ખુદ તીર્થંકર થવાના ભવમાંજ અવશેષ રહેલ નીચ ગોત્ર કર્મ પોતાનો પાસો ફેંકી કર્મ કોઇની શરમ રાખતું નથી એ વાતની સાબીતી કરી આપે છે. જ્ઞાત ક્ષત્રિયના પુત્ર, ગર્ભમાંથીજ વડીલ પ્રત્યે ભક્તિના ધરનાર, અવધિજ્ઞાની હોવા છતાં વિનય સાચવવા ખાતર અધ્યાપકને ત્યાં જનાર—એવા ભગવંત શ્રી મહાવીર પ્રભુને પણ ઓછાં ઉપસર્ગો સામે થવું નથી પડ્યું ! સંગમ દેવના અને કાનમાં ખીલા નાંખનાર ગોવાળના પીડનો મરણાંતજ હતા. સમજુ અને અણસમજુ તરફથી ઘણુંએ સહ્યું, પિતાના મિત્ર કુલપતિના મર્મ વચન પણ સાંભળવા પડ્યા, આ સિવાય ક્ષુધાદિ પરિષહોની મણા ન રહી. પણ આ બધું તેમણે શાંતિ અને સમભાવપૂર્વક અપૂર્વ એવા કેવળજ્ઞાનની સિદ્ધિ અર્થે અને અગાઉના જન્મોમાં સ્વહસ્તેજ ઉપાર્જેલા ક્લિષ્ટ કર્મોને વિણસાડવા માટેજ સહન કર્યું; અને અંતે સાધ્ય સમીપ પહોંચ્યા. લોકાલોકને હસ્તામલકવત્ દેખનાર થયા. જાતે કૃતકૃત્ય થયા. છતાં '**परोपकाराय सतां विभूतयः**' એ વચનને વિસરી ન ગયા. આ અનુભવથી સંચિત બોધ સર્વ કોઇને માર્ગદર્શક થઈ પડે એ હેતુએ સૂત્રોદ્વારા બતાવતા પણ ગયા. ઉદાહરણ તરિકે—૧. બ્રાહ્મણોના પરવાનાથી કે અમુક જાતિમાં જન્મ્યા તેથી મોક્ષ મળનાર નથી, પણ તેના ઉપાયો જ્ઞાન, દર્શન, અને ચારિત્રરૂપ ત્રણ છે તેના સેવનથીજ તે પ્રાપ્ત થાય છે. ૨. કર્મો બાંધ્યા પછી વિચાર કરવો તે ફોકટ છે, માટે બાંધતી વખતેજ વિચાર કરવાની જરૂર છે. ૩. કર્મોને તપાવવા માટે આકરા તપની અને ઉપસર્ગો સહન કરવા રૂપ દુઃખની ખાસ જરૂર છે. ૪. દરેક ભવ્ય આત્મા મોક્ષ સાધી શકે છે, કેમકે તે અનંત બળનો ધણી છે; માત્ર યોગ્ય માર્ગે બળ ફેરવવાની વાર છે. ૫. હૃદયની વિશાળ ભાવના વિના, સકળ જંતુ પ્રત્યે મૈત્રી, પ્રમોદ, કારૂણ્ય અને મધ્યસ્થ ભાવ દાખવ્યા વિના આગળ વધવાનું કદાપિ બની શકનાર નથી, તેથી તેનીજ પ્રથમ ગરજ છે.

આપણા માટે તેમાંથી શિખવાનું બીજું ઘણું છે, પણ એક સાથે બહુ શિખવા જતાં અજીર્ણ થવાનો ભય પણ છે; આટલામાંથીજ મુખ્ય મુદ્દા તરી આવે

છે. તેના સંપૂર્ણ ઉપયોગમાં આત્માનું સ્વરાજ્ય રહેલું છે. જ્યારે ગાંધીજીનું સ્વરાજ્ય એ તો તેની ઝાંખીરૂપ છે, પરીક્ષા આપવા ઇચ્છનારે પ્રીલીમીનરીમાં બેસતાં ગભરાવાનું નથી. ખાદીના વસ્ત્રો ધારી લાખો જીવોનું રક્ષણ કરી શરીરને કષ્ટ સહેતું બનાવવું, જીવો પ્રત્યે દયા દાખવવી, સત્યનો આગ્રહ રાખતાં શિખવું, આત્મબળને જોતાં અને અનુભવતાં શિખવું, વ્યક્તિ પ્રત્યે નહીં પણ તેમાં રહેલા કષાયો યા દુર્ગુણોની સામે થવું અને તેને દૂર કરવા માટે જાતેજ સહન કરી આત્માને સર્વ સાથે મૈત્રીભાવથી જોડવો અને નિર્મળ બનાવવો એ પ્રભુ વીરના વચનોમાંના કેટલાક અંશો સિવાય બીજું શું છે ?

# ધાર્મિક શિક્ષણની ખામી.

## સ્થળે સ્થળે "જૈનશાળા" ની જરૂર

( લેખક–ગુલાબચંદ મૂળચંદ બાવીશી, હેડમાસ્તર.—દારેસલામ–આફ્રીકા )

કોઈ પણ કોમની સંસ્કૃતિ, એ કોમની ધાર્મિકતા નિહાળવાથીજ જાણી શકાય છે. 'કોમની ઉન્નતિ પણ ધાર્મિકતાનેજ આભારી છે.' એટલે "ધર્મ" એ સર્વસ્વ છે. જ્યારે "ધર્મ" એ સર્વસ્વ છે, ત્યારે આપણે તેની કેટલી અવગણના કરી બેઠેલા છીએ ? આપણે તેનાથી કેટલા પરાઙ્મુખ છીએ એ વિચારવાનું રહે છે. આપણે એકજ મહાવીરના પુત્રો હોવા છતાં, અન્દરઅન્દર કુસંપની પેઢીઓ જમાવી બેઠા છીએ તે તો જુદીજ, પરન્તુ આપણામાંનાં કેટલાએ આર્ય સમાજીસ્ટ–થીઓસોફીસ્ટ–સનાતનીસ્ટ–વૈષ્ણવમાર્ગી–ફ્રીમેશનવાળા-વિગેરે વિગેરે થઇ બેઠેલા છે. આ શું જૈનપુત્રને છાજતી બાબત છે ? ચુસ્ત મુસલ્મીન ઇતર મતને માન્ય રાખતા બતાવશો ? ચુસ્ત ખ્રીસ્તી તેવો બતાવી શકશો? હરગીઝ નહિ. ત્યારે શું ચુસ્ત જૈન, ઇતર પંથના મન્તવ્યોનો સ્વીકાર કરે ખરો? કદિ નજ કરે. હાલ શી સ્થિતિ છે ? આપણા જૈન ભાઇઓ–જૈનશાળાના અભાવે તેમાં મળવા જોઇતા યોગ્ય શિક્ષણને અભાવે, તેમજ ઇંગ્રેજી કેળવણીના પ્રતાપે –જૈનધર્મનું રહસ્ય જાણવા પામતા નથી, તેથી માત્ર જૈન કુળમાં–ગોત્રમાં જન્મ થયો, એટલે જૈન છીએ, એવું સૂચક ચિન્હ છે; સિવાય ખરા હોવા જોઇએ એવા જૈન બહુજ જુજ છે. એટલે આપણે નામધારી જૈન છીએ, પરન્તુ ધર્મધારી ચુસ્ત જૈન આપણામાંના ઘણા નથી. આ શું ઓછી અફસોસની બીના છે ? ત્યારે હવે ઉપાય શો છે ? મને તો, શહેરે શહેર જૈનશાળાની સ્થાપનાઓ

થાય, અને સ્પષ્ટ ગુજરાતી ભાષામાં જૈનધર્મ સંબંધીનું પ્રાથમિક જ્ઞાન મળે એ માર્ગ સુલભ અને સારૂં પરિણામ લાવે તેવો જણાય છે. ઘણા શહેરોમાં જૈનની વસ્તી શ્રીમંત હોવા છતાં જૈનશાળાઓ હોતી નથી, તેમજ સાધારણ સ્થિતિવાળા જૈનોના ગામડાંમાં પણ જૈનશાળાઓ નથી. આથી ભવિષ્યની જૈન ઓલાદ જૈનધર્મના શિક્ષણથી અનભિજ્ઞ રહેશે, તે નિર્વિવાદ બીના છે. તો સ્થળે સ્થળે જૈનશાળાઓની સ્થાપના થવાની પરમ આવશ્યકતા છે. આમ થતાં ભવિષ્યની પ્રજા જૈનધર્મના સૂત્રો જાણતાં શીખશે અને તે ચિરસ્થાયી થઈ જશે.

ત્યારે 'આ કર્તવ્ય કોનું?' પ્રથમ મુનિમાહારાજાઓનું–ગુરૂણીજીઓનું–જૈન ઉપદેશકોનું–અને પછી શ્રીમંતોનું. પૂજ્ય મુનિરાજો જે જે ગામમાં ચોમાસું રહ્યા હોય છે ત્યાં સંભાષણ કરે છે–જીર્ણોદ્ધારનું કરે છે, વરઘોડાઓ કઢાવરાવે છે, લાયબ્રેરીઓ સ્થપાવે છે. આ બધું એક રીતે કાઢી નાખવા જેવું નથી, પણ જૈનશાળાની સ્થાપના કરાવવા તરફ દુર્લક્ષ્ય રાખવામાં આવે છે. ક્ષમા કરજો, પણ જૈનશાળાની સ્થાપનામાં જૈનશાળા સાથે નામનું જોડાણ ન થઇ શકે, ત્યારે લાઇબ્રેરી વિગેરે સાથે તે લાભ મળી શકે પણ બાહ્ય કીર્તિની બુભુક્ષાને હવે હદપાર કરવાની જરૂર છે. એ બુભુક્ષાવશાત્ કોમનું ધાર્મિક દ્રષ્ટિએ નિકંદન થતું જાય છે. તો તેવા કોમાભિમાની સર્વેને મ્હારી નમ્ર અરજ છે કે યથામતિ યત્ન કરીને દરેક સ્થળે જૈનશાળાઓની બંધારણ પુરઃસર સ્થાપનાઓ કરવી. પાઠ્ય પુસ્તકો કેવા રાખવા? માગધી ભાષામાં તેમજ સંસ્કૃત ભાષામાં, આપણા જૈનધર્મના પ્રાથમિક પાઠ્ય પુસ્તકો છે, તો તેનું ભાષાંતર અને રહસ્ય જાણ્યા સિવાય પોપટની માફક પઢી જવા જેવું જ બને છે. તો શુદ્ધ અને સરળ ગુજરાતીમાં આપણા ધર્મના પઠન પાઠનના પુસ્તકો તૈયાર કરાવવા અને મફત વહેંચવા, શિક્ષકો પણ ચારિત્ર શુદ્ધ રાખવા. જૈનઆલમને મારી વિજ્ઞપ્તિ છે કે, પોતપોતાની નિવાસ ભૂમિમાં "જૈન-શાળા" ની હયાતી ન હોય તો તેની અવશ્ય સ્થાપના કરવા પ્રેરાવું; અને બાળકોને જૈનધર્મની કેળવણી વિના વિલંબે અપાવવી. જૈનકન્યાએને પણ આ બાબતથી વિમુખ રાખવાની નથી.

જૈનશાળા અને જૈનદેરાસર એ જૈનકોમના નૈતિક અને ધાર્મિક નાક છે. તેનો ઉત્કર્ષ હો !!

# સામાનું અંતઃકરણ જોવાની યુકિત

( લેખક ભાઇલાલ સુંદરજી મહેતા–ઝીંઝુવાડા.)

માણસનું અંતઃકરણ તપાસવું હોય તો પહેલાં તેના ચ્હેરા સામું નીહાળો; તે ઉપરથી પૂર્ણ ખાત્રી ન થાય તો તેનો ઉચ્ચાર સાંભળી વિચાર કરો; તેમાં ન સમજી શકો તો તેની રહેણી ઉપર લક્ષ દોરો, તે છતાં જો માલુમ ન પડે તો તેની કરણીને તપાસો, આ ચારે બાબતથી માણસનું અંતઃકરણ જાણી શકાય છે.

મનુષ્ય અંતઃકરણમાં જેવો વિચાર કરે છે તેવોજ આભાસ તેના ચ્હેરા ઉપર પડે છે. જેમ સુંદર અને સ્વચ્છ બીલોરી કાચમાં ગમે તે વસ્તુ રાખતાની સાથે વગર વિલંબે તેનું પ્રતિબિંબ તે દર્પણમાં આવી જાય છે, તેવીજ રીતે માણસના અંતરના વિચારો સ્વાભાવિકપણે તેના ચહેરાપર આભાસ રૂપે પ્રગટી નીકળે છે; પણ તે પારખવાની યોગ્યતા ચાલાક ને અનુભવી માણસમાંજ હોય છે.

ઉચ્ચારનો નિયમ એવો છે કે માણસ જેવા વિચારમાં બેઠો હોય તેવાજ ઉદ્ગારો તેને મોઢે આવી જાય છે. માણસ ઉચ્ચાર રોકવાને સારૂ ગમે તેટલો પ્રયત્ન કરે પણ તેનું અંતઃકરણ જે વિચારોથી પરિપૂર્ણ હોય તેજ ઉદ્ગારો તેના મોઢેથી યથાસ્થિત નીકળ્યા કરે છે. પ્રસિદ્ધ કવિઓએ પણ “ વિચાર તેવો ઉચ્ચાર ” આ વાકય અભિલાષીઓને માટે બ્હાર લાવી મૂકયું છે.

માણસની રહેણી તેના અંતઃકરણ ઉપરજ આધાર રાખે છે. માણસ અંતરમાં એમજ ઇચ્છે કે મ્હારે અહોનિશ ઇશ્વરસ્મરણમાંજ લયલીન રહેવું છે, તોજ તે કાર્ય બજાવી શકે છે, પણ જો તેમાં ન્યૂનતા રાખે તો ચોકસ તે કાર્યમાં તેટલીજ બલકે તેથી વિશેષ ન્યૂનતા રહે છે.

‘જેવું ઈચ્છે મન તેવું કરે તન’ એ કહેવતના આધારે માણસ જે કામ કરે છે તે ખાસ તેના મનની પ્રેરણાથીજ કરે છે; અને તે કામ ઉપરથી ખરેખર જાણી શકાય છે કે અત્યારે તેના આવા પ્રકારના વિચાર હોવા જોઇએ.

ક્ષુધાતુર માણસ જ્યારે ભિક્ષા માગે છે તે વખતે તેનો ચહેરો, તેના ઉદ્ગાર, તેની રહેણી ને તેની કરણી–આ ચારે બાબત સર્વને સ્ફુટ દેખાડી ખાત્રી કરાવી આપે છે કે તેનું અંતઃકરણ અત્યારે ખરેખર ક્ષુધાથી પીડિત છે. ચિંતાતુર માણસ પણ એ ચારમાંની કોઇ પણ બાબતથી તેની પરીક્ષા કરાવી આપે છે.

આ ઉપર કહેલ ચારે બાબતથી સામા માણસનું અંતઃકરણ તપાસવું તે ખરેખર ચાલાક તથા બુદ્ધિશાળી માણસને સહેલ છે.

# પાપ—SIN.

પાપ શબ્દ તો બહુજ ન્હાનો છે, પણ તેમાં ઝપાટો ઘણો છે. પાપનું મૂલ્ય અમૂલ્ય છતાં વિના પૈસે–વિના તકલીફે તેની ખરીદી થઇ શકે છે. એવા ન્હાના શબ્દોથી ઉદ્ધાર પણ થાય છે, અને ન્હાના શબ્દોથી પતન પણ થાય છે. ન્હાના શબ્દોના માધુર્ય ગાંભીર્ય અને ફેલાવો–કાંઇ ઓછાં વેગવાળાં હોતાં નથી. તેનો વેગ વીજળીથી પણ વિશેષ હોય છે; તેના વેગને મન સિવાય અન્ય કોઇ વસ્તુ અટકાવી શકનાર નથી.

ધર્મ શબ્દ પણ કાંઈ મ્હોટો નથી. તે સ્વર્ગ તરફ લઈ જાય છે, મૃત્યુ સારૂં ઉપજાવે છે, મૃત્યુ પછી ઇચ્છનીય ભોમીઓ થાય છે; જ્યારે પાપ નર્ક તરફ લઇ જાય છે, મૃત્યુ બગાડી નાખે છે અને લક્ષ્ય ચોરાશીના ઘેરાવામાં ગોથાં ખવરાવે છે. કહો ત્યારે પાપ પસંદ કરવા જોગ કે ધર્મ ? ધર્મચુસ્ત અને ડાહ્યો આદમી ધર્મનેજ પસંદ કરે.

આપણી સમજશક્તિની ખીલવટ થતાની સાથેજ ઝીણી ઝીણી બાબતો-માં આપણે મનેકમને પાપ કરી બેસીએ છીએ, જાણુવા છતાં તેમ કરવામાં પાછી પાની કરતા નથી–જ્યારે ધર્મ કરવામાં–દયા દર્શાવવામાં–દાન કરવામાં–દેહને દંડ દેવામાં બહુજ પછાત પડીએ છીએ. પાપ આપણા જાણુવા છતાંજ બને છે. કહો, ધર્મ તરફ કેટલી બીનકાળજી !!

પાપનો પુંજ શા માટે બાંધવો ? ઉત્તમોત્તમ મનુષ્ય ભવ મળેલ છે તો પુન્ય ઉપાર્જન કરવા અને પાપને ઠેલવા શામાટે કટિબદ્ધ ન થવું કે જેથી પાપનો નાશ થાય.

ગુલાબચંદ મૂળચંદ બાવીશી.

## પ્રાસંગિક બોધ. (પાત્રતા સંબંધી.)

જો આપણું જીવન સ્વપરને ઉપકારક બનાવવુંજ હોય તો આપણા વિચાર, વાણી અને આચારમાં અવશ્ય પવિત્રતા દાખલ કરવીજ જોઇએ. તેમજ રાગ, દ્વેષ, કષાયરૂપી ઝેરને સમતા–અમૃતથી ટાળવુંજ જોઇએ. સહુને સદ્બુદ્ધિ સૂઝો !

# જીવદયાની ખાસ હીમાયત કરનારા જૈનોજ જમણાદિક પ્રસંગે કેવી ગંભીર ભૂલો કરે છે?

( લેખક-સદ્દગુણાનુરાગી કર્પૂરવિજયજી. )

૧ જેમાં પુષ્કળ ઇયળો વિગેરે જંતુઓ ઉપજે છે અને વિણસે છે એવો લાંબા વખતનો સંચાનો મેંદો અનેક પ્રકારના પકવાન્નોમાં રકમબંધ વપરાય છે અને ગાડરીયા પ્રવાહે અનેક સ્થળે તેનું અંધ અનુકરણ કરવામાં આવે છે.

૨ જમણ પ્રસંગે પુષ્કળ એઠવાડ છાંડવામાં આવે છે; અને પાણી તો લગભગ ઢોરના અવેડા જેવું ગોબરૂં, પીવા-પાવામાં છડેચોક વપરાય છે.

૩ વિવાહાદિક પ્રસંગે બૈરાંઓ લાજ-મર્યાદા મૂકી ફટાણાં-નાગાં ગાણાં ગાય છે, તે નાના મોટા સહુ ભાઇ બ્હેનો સાંભળતાં છતાં તેનો સખ્ત નિરોધ કરવા ખાસ પ્રયાસ થતો નથી.

૪ મરણાદિક પ્રસંગે એક તરફ રોકકળ થાય છે, ખેદ-શોક થતો દેખાય છે, ત્યારે બીજી તરફ ઠંડે પેટે નાના મોટા સહુ વિવિધ જાતના પકવાન્નાદિક આનંદની સાથે આરોગતા હોય છે. આ દેખાવ કેવળ બેહુદો-શરમ ઉપજાવે એવો લાગે છે, તેથી તેમાં ખાસ સુધારો થવો જોઇએ.

૫ વધારે નહીં તો તરતમાં દરેક સ્થળે ધર્મ-પ્રેમી આગેવાન જૈનોએ ગમે તેવા જમણપ્રસંગે જીવાકુળ સંચાનો મેંદો હવે પછી ન જ વપરાય એવો પાકો બંદોબસ્ત કરી આસપાસ સહુને ખબર આપી દેવા જોઇએ. નાના મોટા સહુએ જાગવું જોઇએ.

૬ વિદેશી-ભ્રષ્ટ ચીજોથી ઉત્પન્ન થતી ખાંડ વિગેરે પણ પકવાન્નાદિકમાં નહીં વાપરતાં શુદ્ધ સ્વદેશી ગોળ કે એવીજ પવિત્ર વસ્તુથી ચલાવી લેતાં સહુએ શીખવું અને બીજાને શીખવવું જોઈએ. જ્યાં સુધી ખોટો મોજશોખ આપણે નહીં તજીએ ત્યાં સુધી આપણી અવનતિ મટવાની નથી.

૭ એઠવાડથી જે ગંદકી થાય છે, તેથી હવા મલીન થાય છે અને અનેક પ્રકારના દુષ્ટ રોગો ઉત્પન્ન થઇ આપણને સતાવે છે.

૮ સમાજનું આરોગ્ય લથડ્યું છે તે સુધરે એવા ખાનપાનાદિક માટે યોગ્ય નિયમ ઠરાવી તે સખ્ત રીતે પળાવા જોઇએ. ઇતિશમ્

# ધમગુરુ વિષે.

ધર્મ નીતિનું જ્ઞાન તથા સામાન્ય વિદ્યાનું જ્ઞાન એ બે ઉપર દરેક દેશની ઉન્નતિ આધાર રાખે છે. એ બે વાત થકી માણુસો બીજા પ્રાણીઓ કરતાં પોતાની સ્થિતિ કેટલી ઉંચી છે તે જાણે છે તથા પરમાત્માને ઓળખે છે. જગતમાં સઘળી પૌદ્ગળિક ચીજો પણ સંપ સંપીને રહેલી છે એમ જોઈને પોતે પણ કલેશ ટંટા દૂર કરીને સલાહ સંપથી રહે છે. દુર્ગુણ સદ્ગુણ અને પાપ પુણ્ય શું છે તે સમજે છે. અનેક વસ્તુનો ઉપયોગ કરી જાણી જીવતાં સંસારસુખ ભોગવી મરણ પછી સુગતિ પ્રાપ્ત થવાની આશા રાખી શકે છે.

પ્રાચીન કાળમાં આપણા હિંદુઓ એ વાત સારી પેઠે સમજતા હતા, તેથી તેઓની હાલત ઘણી સારી હતી. આજકાલ એની આપણામાં ઘણી અછત છે. આપણી દશા સુધારવાને આપણા લોકોએ ઉપરની વાત ઉપર ધ્યાન પહોંચાડવું જોઈએ, પણ એ વાત બનવી ઘણું કરીને ધર્મનો ઉપદેશ કરનારના હાથમાં છે. આજકાલ ઘણા ધર્મગુરૂઓ પોતાનો ધર્મ પોતેજ જાણતા નથી, તો તેઓ બહોળા લોકોનો શી રીતનો સુધારો કરી શકે? માટે ધર્મગુરૂઓએ સારો વિદ્યાભ્યાસ કરવો અને પ્રથમ પોતાના ધમ પોતે સમજવા.

વ્યવહારમાં હરકોઈ બાબતના શીખવનારને ગુરૂ કહે છે, પણ આ લખાણમાં ગુરૂ શબ્દથી ધર્મ નીતિનું જ્ઞાન આપનારા ગુરૂ સમજવા. બીજી સઘળી દેહ કરતાં મનુષ્ય દેહ ઉત્તમ છે. મનુષ્ય દેહમાં વસનાર આત્માનું મુક્તિરૂપી જે કલ્યાણ તે કરવાનો માર્ગ દેખડાવનારા જે મહેતા તેનું નામ ગુરૂ. ધર્મના ગુરૂ એટલે પુરા સંસ્કારી ને સર્વ સારાં આચરણથી ભરેલા સમજવા. ગુરૂનાં લક્ષણો શાસ્ત્રમાં બતાવ્યાં છે, તેવા પૂરા ગુણવાળા ગુરૂઓ તો હાલને સમે મળવા કઠણ છે, પણ સાપ તથા નાવ જાય છે તેની પછવાડે શેરડો પડી રહે છે તેમ પ્રાચીન ગુરૂઓનાં લક્ષણોનો લીસોટો તો હાલના ગુરૂઓમાં દેખાવો જોઈએ પરંતુ તે પણ ક્વચિત્જ દેખાય છે.

આટલું તો ગુરૂઓએ જરૂર જરૂર કરવું જોઈએ. તેઓએ ધર્મ અને નીતિ સંબંધી શાસ્ત્રોનો સારો અભ્યાસ કરવો જોઈએ. તેમાં લખેલી વાતોની સાચવટની પોતાની ખાતરનીશા કરી લેવી જોઈએ અને તે ઉપર પછી પોતાનો વિશ્વાસ અને ભાવ બેસાડી ખરા ધર્મના અભિમાનના જોસમાં સાચો ધર્મ, નીતિ અને આચાર લોકમાં પ્રવર્તાવવો જોઇએ. તેઓએ ઈશ્વરનું જ્ઞાન, અનેક વિદ્યા, સારા વિચાર, ક્ષમા, વૈરાગ્ય, સંતોષ, વિવેક, ઉદારતા અને ગંભીરતાના શોભીતા

બખ્તર પહેરવા જોઈએ. કાયાથકી અહંકારને આઘો ખસેડી ઇદ્રિયોને જીતી કુડકપટ, આશા તૃષ્ણાનો ત્યાગ કરવો જોઇએ; પરધન અને પરસ્ત્રી જોઇને નજર બગાડવી ન જોઇએ અને કોઈ વાત ઇચ્છા પ્રમાણે ન બનવાથી ક્રોધને વશ થવું ન જોઇએ.

ગુરૂઓએ શંકા પૂછનારાને ખરો માર્ગ બતાવવો, શત્રુ મિત્ર સરખા ગણવા અને મન, વચન, કાયાથી જીવતાં સુધી નઠારી કલ્પના ન કરવી. તેઓએ પ્રભુના યશ તથા ગુણ ગાવામાં નિરંતર લક્ષ લગાડી તેની આજ્ઞાનો અને નીતિનો લોકને ઉપદેશ કરવાની ધૂનમાં રહેવું અને બીજાને આપવાની શીખામણ પોતે પણ પાળવી. ઉપર પ્રમાણેના લક્ષણવાળા જે સાધુ તેને ગુરૂ કહેવા. ગુરૂએ પોતાના પુરૂષ સ્ત્રીરૂપ સેવકોને પુત્ર પુત્રી તરીકે ગણવા જોઇએ. જેટલી મર્યાદાથી બાપે છોકરા સાથે અને રાજાએ પ્રજા સાથે વર્તવું જોઇએ, તેથી વધારે મર્યાદાથી અને વધારે ભારમાં ગુરૂએ પોતાનાં સેવકો સાથે વર્તવું જોઇએ. પિતાના કરતાં ગુરૂ ઘણી વાતે શ્રેષ્ઠ છે. તેનાં આપેલા જ્ઞાનથી સંસારમાં સન્માર્ગે ચલાય છે અને પરલોકના સુખ પ્રાપ્ત કરવાની હિંમત ધરાય છે. માટે તેમણે પોતાના સેવકો તરફ પવિત્ર નજરથી જોવું જોઇએ.

આ જગતમાં કંચન અને કામિની એ બે ભલભલાને ભુરકી નાંખે તેવી માયા છે. એને જોઈ કોઇ માણસે બુદ્ધિ ફેરવવી નહિ. એવું છે તો ગુરૂએ તો તે એમાં લંપટ નજ થવું જોઇએ. સાધુને પૈસાનું શું કામ છે? માટે ધર્મનું બહાનું બતાવી ગુરૂએ સેવકો પાસેથી નાણું ન માગવું જોઇએ.

મા થઇને છોકરાને ઝેર આપે, વાડ ખેતરને નુકશાન કરે, સાધુ થઇને પારકાનું ધન હરણ કરે, નારી થઇને નાવરૂપી જે ઘર તેને ડુબાવે, ચોકીદાર થઇને ચોરી કરે, પ્રીતમ કહેવરાવીને પ્રીતિ તોડે, રાજા થઈ રૈયતને દુઃખ દે તો ત્યાં શું વિચારવાનું ને કહેવાનું રહ્યું, એ કરતાં હીણું બીજું કાંઇ નથી. ધર્મગુરૂ એટલે સેવકોના સાચા સલાહકાર. એવા ગુરૂ કે જેને ખોળે સેવકોના શીર છે, જેને આધીન સેવકોનાં મન છે, જેના ઉપર સેવકોનું આ દુનિયાનું તથા પેલી દુનિયાનું સુખ આધાર રાખે છે. તે ગુરૂ જ્યારે અજ્ઞાન, ભોળા અને વિશ્વાસુ સેવકોનો વિશ્વાસઘાત કરીને છળે તો તેના સરખું મહાપાતક બીજું કંઇ નથી.

જેવાં આચરણ ગુરૂનાં હોય તેવાં આચરણ સેવકોના થાય છે, માટે ગુરૂએ પોતાનાં આચરણ શુદ્ધ છે એમ બહારથી માત્ર દેખાડવું નહિ પણ અંતરથી નિર્મળ રહેવું. પોતાના નિત્ય કર્મથી પરવાર્યા બાદ ગુરૂએ સેવકોને પરમાત્માને ઓળખાવવા માટે વિસ્તારથી શાસ્ત્રનાં દૃષ્ટાંતો સાથે સમજાવવું, પણ ધ્યાન રાખવું કે તે બોધ મેળવીને સેવકો અન્ય ધર્મવાળા સાથે મતભેદ કરી ટંટા

ફીસાદ ન કરે. કોઈપણ ધર્મની અદેખાઇ કરવી નહિ, કારણ કે પ્રજાએ કીધેલું પાપ રાજાને લાગે છે, રાજાએ કીધેલું પાપ તેના ગોરને લાગે છે, સ્ત્રીએ કીધેલું પાપ તેના પતિને લાગે છે અને શિષ્ય પાપ કરે તે ગુરૂને લાગે છે. પ્રજા પાપ ન કરે માટે રાજાએ તજવીજ રાખવી, બૈરી પાપ ન કરે માટે તેના પતિએ તેને નીતિનું જ્ઞાન આપવું, શિષ્ય પાપ ન કરે માટે ગુરૂએ તેને સુબોધ આપવો. ગુરૂ ઘણા પ્રકારના છે, પણ ધર્મ નીતિના મર્મ જાણી તે પ્રમાણે વર્તનારા ને બીજાને વર્તાવી શકનારા ગુરૂ પૃથ્વી ઉપર દુર્લભ છે. ઘેર ઘેર દીવો હોય છે તેમ ગુરૂ પણ હોય છે, પરંતુ જે ગુરૂ સૂર્યની પેઠે સૌને પ્રકાશિત કરે તેવા નિર્મળ ગુરૂ તો એક વીર પરમાત્માજ થઈ ગયા છે.

મહાવીર પત્રના ૭મા અંકમાં મંડળાચાર્યે ( કમળમુનિએ ) મહાત્મા ગાંધીજીની જે હદ ઉપરાંત ખ્યાતિ લખેલી છે તે તેમની ભૂલ છે. શ્રી વીરપરમાત્મા જેવા આ કળીયુગ અને પાંચમા આરામાં કોઇ થશે નહિ અને થયું પણ નથી. મહાત્મા ગાંધીને વિસારી મૂકે એવા આપણા જૈનોમાં જે પુરૂષો થઈ ગયા છે તેના નામથી કમળમુનિ અજાણ્યા હોવા જોઇએ; કારણ કે કુમારપાળ, વસ્તુપાળ તેજપાળ, જગડુશા, વિમળશા, હેમાચાર્ય, હીરવિજયસૂરિ વિગેરે મહાન્ ધર્મરક્ષકોનાં જીવન ચરિત્ર વાંચી ત્યારબાદ મહાત્મા ગાંધીને માટે આવું અતિશયોક્તિવાળું લખાણ લખવું ઘટે તો લખવું. કારણ કે અણઘટતી ઉપમા આપવાથી આપણે ઉલટા તેની નિંદા કરાવનારા થઇએ છીએ. બાકી આપણા દેશની ઉન્નતિ માટે મહાત્મા ગાંધી જે પ્રયાસ કરે છે તે સર્વોત્તમ છે અને તેના માટે હિંદુસ્તાનની તમામ પ્રજા તેની બહુ આભારી છે. કારણકે તે શાંત રીતે જે કાર્ય કરે છે તે સંપૂર્ણ રીતે વખાણવા લાયક છે.

અમીચંદ કરશનજી શેઠ.

---

અઠ્ઠાઇ મહોત્સવ વિગેરે પ્રસંગે હાંડી ઝુમર વિગેરેમાં અથવા છુટા દીવા આંખને આંજી નાંખે તેટલા કરવામાં આવે છે અને તે ઉઘાડા મૂકવામાં આવે છે કે જેથી અનેક ત્રસજીવોની વિરાધના થાય છે. શ્રાવકે જિનભક્તિ નિમિત્તે પણ ત્રસજીવોની વિરાધનાથી અવશ્ય ડરતાજ રહેવું જોઇએ; કેમકે જયણા વિનાની ભક્તિ તથાવિધ ફળ આપતી નથી.

વળી કાચા દોરાવતી ગુંથી ઢીલી ગાંઠ દીધેલ ફુલના હાર પ્રભુને ચડાવવા તેમ સેનપ્રશ્નાદિકમાં સ્પષ્ટ જણાવેલ છે, છતાં સોયવતી વીંધેલા હાર ચડાવવાનો મોહ હજીસુધી મુગ્ધજનો છોડી શકતા નથી. જેમને એકવાર કહેવાથી પણ ખરી ચાનક ચડે તે તો આવી પ્રવૃત્તિ રાખી શકેજ નહીં.

---

# कन्याविक्रयनी क्रूरता अने ते अटकाववानो उपाय

લખનાર:—જયંતીલાલ છબીલદાસ સંઘવી-મોરબીવાળા.

સામાયિક કરે પ્રીતથી, પ્રતિક્રમણમાં પ્રેમ;
કન્યા રીબાવી મારતાં, નથી આવતી રે'મ.
(રા. શીવજી દેવશી.)

**કન્યાવિક્રય કરનાર માબાપોને—**

દયા ધર્મને એબ લગાડનાર જૈનો ! તમે કીડી મંકોડી ભૂલેચૂકે મરી ગઈ હોય તો તેમાં મોટું પાપ સમજો છો, પણ તમારા રૂધીરથી ઉત્પન્ન થયેલા નાજુક કુસુમોને કચડી નાંખતા, રીબાવી રીબાવીને મારતાં ડરતા નથી. તમારા પાપે, તમારાજ ઢોંગે દુનિયા રસાતાળ જાય છે. પોતાનું માંસ વેચનારા, તે માંસવડે પેટ ભરનારાઓ તમે એમ ન ધારશો કે એ માંસ તમારી ભૂખ મટાડશે.

જે જ્ઞાતિમાં પૂર્વે સેંકડે પાંચ વિધવાઓ પણ નજરે ન પડતી, તે જ્ઞાતિમાં આજે ડગલે ને પગલે સેંકડે પચાસ વિધવાઓના દર્શન થાય છે. બંધુઓ ! હિંદમાં ૨૬૪૦૦૦૭૦ વિધવાઓ છે, જેમાં ૬૦૦૦૦૦૦ વિધવાઓ તો કેવળ ૧૫ વર્ષ અંદરની છે. આ પાપ તમારા શિર નહિ તો કોના શિર ?

હાલમાં ખાસ કરીને કાઠીઆવાડમાં "કન્યાવિક્રય" નો મોટો વ્યાપાર ચાલ્યો છે. કન્યાનું દામ લેનારા માબાપો દીકરીને ઘરે પાન સોપારી ન ખાય, અરે પાણી ન પીએ-પરંતુ પૈસા ખપે !—હજમ થાય ! એ કયાંનો ન્યાય ! દીકરીને ત્યાં પાન, સોપારી, પાણી વિગેરે ન ખપે તેનો ગૂઢ આશય સમજો છો ? તેનો આશય-ઉદ્દેશ એ છે કે આવી વસ્તુઓથી તમે દીકરીઓનાં દામ લેતાં અટકો, પરંતુ તમે તો દિનપ્રતિદિન કૂદકે ને ભૂસ્કે વધતાજ જાઓ છો. કેટલાક તો "બેટી તે પૈસાની પેટી" ગણી વર્ષ એટલી હજારની કોથળીઓ ઓકાવી તાનામાના કરે છે. આ તાનામાના કેટલા દિવસ ટકવાના ? તમારી કન્યાઓને ઘરડા, લુલા, આંધળા-જેવાતેવા વર સાથે પરણાવી તેની હાય-વરાળો-શ્રાપો શા માટે લ્યો છો ? શું આને ખાતર ઉત્તમ એવો દુર્લભ માનવ દેહ મળ્યો છે ? તમોને જેવાં મોજશોખો, સ્વાતંત્ર્ય સુખ જોઇએ છે તેવું તેને કેમ ન જોઇએ ? શું તે માણસ નથી ? કન્યાને લાયક પતિ ન હોય પછી તે વ્યભિચાર સેવે, કુમાર્ગે ચડે, શિયળ લુંટાવે, તમારી અને શ્વસુર પક્ષની કીર્તિ કલંકિત કરે, સમાજને અને છેવટે દેશને બગાડે તેમાં શી નવાઇ ? આ અધમ રાક્ષસી કાર્યના કર્તા તમેજ છો. તે પાપારોપણ તમારાજ શિર છે.

શું તમે આવા રાક્ષસોની મૃત્યુસમયની સ્થિતિ નથી નિહાળી ? તેઓ કેવા રીબાઇ રીબાઈને મરે છે ? દીકરીઓના શ્રાપો લઇ, પાપો કબુલ કરી દુર્લભ એવો માનવ જન્મ વૃથા ગુમાવે છે. કોઈપણ આવાં કાર્ય કરનારને સુખી જોયા છે? પાપનો પૈસો કયાં સુધી ટકે ?

આવાં પાપી કાર્યો કરતાં છતાં ધર્મનું પુતળું હોવાનો દાવો કરે છે, સામાયિક વિગેરે ધર્મધ્યાન કરે છે પણ તમે જ્યારે કન્યાવિક્રય જેવું અધમાધમ રાક્ષસી કૃત્ય કરો છો તો પછી તમારૂં સામાયિક–ધર્મધ્યાન શા કામનું ? તમારૂં સર્વ પુણ્ય તણાઈ જાય છે.

બાળાઓનું વેચાણ કરી નરપિશાચો પોતે તો મલિન થાય છે, પણ તેનું અન્ન ખાનારા મુનિમહારાજોને અપવિત્ર કરે છે. તે પૈસાથી ઉપકરણો ખરીદી તેઓશ્રીને વહોરાવી દોષના ભાગીદાર બનાવે છે.

શું તમોને હજી પણ કાંઈ ખ્યાલ નહિ આવે ? તમારામાં ને બીજા નિર્દયમાં શો ફેર ? શું આવાં કૃત્યો કરનાર રાક્ષસ ન કહેવાય ? તમારી દીકરીઓના આર્ત્ત નાદો જરા સાંભળો.

**સાખી.**

**પરવશ અમારી છે દશા, બાપુ જરા ઝાંખી જુઓ,**
**તમ હાથથી જ્યાં ઠેલશો, ત્યાં બાંધશે ભાળી કુવો;**
**તરશું કે ડુબી મરશું, તે જોવાનું ના તમને રહ્યું,**
**નિત માર મુંગો સહી અમે, આ શીર તમ ચરણે ધર્યું.**

શું જવાબ આપો છો ? તેના દુઃખોની તમોને કયાંથી ઝાંખી આવે ? એ તો જેને વીતી હોય તે જાણે.

બાળાને રીબાવી રીબાવી મારનારે માબાપો દયા કરો ! દયા કરો ! પેટપર પાટો બાંધો. નિશ્ચય કરો કે " ભૂખે મરશું તો પણ દીકરીના દામ કદાપિ નહિ લઇશું." વૈભવને લાત મારો, ક્ષણિક સુખોને તિલાંજલી આપો અને રક્ષણ કરવા કટીબદ્ધ થાઓ.

**બ્હેનોનેઃ—**

તમારો નિશ્ચય એજ તમારી ઉન્નતિનું મૂળ છે. આત્મશ્રદ્ધા રાખો. અશોકવનમાં રાક્ષસોની વચ્ચે રહેલી સીતાનું શું ગજું ? તેની વિશુદ્ધિએજ તેનું રક્ષણ કર્યું હતું. કયાં ગયું એ રાવણ બળ ? કયાં ગયું એનું સૈન્ય ? કયાં ગઈ એની ક્રૂરતા ? પ્રભુ તમારા સત્યનું અવલોકન કરે છે. તમારે સત્યાગ્રહ કરવો પડશે, હિમ્મત રાખવી પડશે, તમારા પિતાશ્રીને જણાવી દો કે "તમે પસંદ કરેલ વર સાથે પરણવા હું ખુશી નથી. એક થોડી શરમને લઈ દુર્લભ એવો માનવ દેહ નષ્ટ ન કરો. તમારા પિતાશ્રી હઠ ન છોડે તો સત્યાગ્રહ કરો–

અન્ન વર્જો, અપવાસ કરો, તેમાંજ શ્રદ્ધા રાખો. તે તપશ્ચર્યા વ્યર્થ જશે નહિ.

**જૈન સમાજને:—**

બંધુઓ ! શું તમે આવા રાક્ષસી કાર્યોના ભાગીદાર બનશો ? તેની સાથે વ્યવહાર રાખશો ? નિશ્ચય કરો કે "**કન્યાવિક્રય, બાળલગ્ન, વૃદ્ધવિવાહ વિગેરેથી** થતાં **લગ્નો**–કાર્યો વિગેરેમાં હરગીજ ભાગ નહીં લઇએ." આથી કેટલેક અંશે સુધારો થશે. તમે આવાં કાર્યને માટે શાસારૂ પોકાર કરતા નથી ? શા માટે જૈનપત્રો કાંઇ પ્રગતિ કરતા **નથી** ? પશુઓના **રક્ષણો** માટે પાંજરાપોળ થાય છે. લાખોના **ફંડ** ઉઘરાવવામાં આવે છે. **દરેક જૈન વિચારે છે કે અવાચક પ્રાણી પોતાનું દુઃખ ક્યાં પોકારશે ? પરંતુ અબળાઓ કસાઇને ત્યાં રીબાઇ રીબાઇને અહર્નિશ અશ્રુઓ પાડે છે, તેનું રક્ષણ, તેને માટેની યોજના વિગેરે કેમ કોઈ કરતું નથી ? આવા રાક્ષસી કૃત્યથી હિંદ અધોગતિએ પહોંચે છે. જે દેશમા સાધ્વી નારીઓનાં શિયળ ટકે ટકે વેચાતા હોય, જે દેશમાં દીકરીઓના દામ લેવાતા હોય, જે દેશમાં દિન ઉગે સેંકડો દીકરીઓ દુધ પીતી થતી હોય, જે દેશમાં બાળ વિધવાના કોમળ હૃદયની** જવાળાઓ **સળગતી હોય તે દેશ કેમ રસાતળ ન જાય ? શામાટે જામનગર, ભાવનગર,** રાજકોટ, **મોરબી, વિગેરેના મહાજનો બંદોબસ્ત નથી કરતા ?**

શું તેઓ પાપના ભાગીદાર **નથી** બનતા ? નજીવા ગુન્હા માટે નાત બ્હારની શિક્ષા કરવા તત્પર થનારા આવા ભયંકર રાક્ષસી કર્મ માટે કાંઈ કેમ કરતા નથી ? શ્રીમંતો ! જાગો, ગાડી લાડી ને વાડીની મોજમજા ત્યાગો, કર્તવ્ય વિમુખ ન થાઓ, જરા આંખ ખોલીને જુઓ, આ વ્યાપાર કેટલો બધો જોસમાં છે ? બંધુઓ ! શી કર્મકથામાં પડ્યા છો ? શા સંસારકળહમાં ગુંચવાયા છો ? પૈસા કમાવાના શા પ્રપંચમાં મશગુલ છો ? કે તમારા ભાઈઓના રાક્ષસી કૃત્યો માટે કાંઇ પણ ઇલાજ નથી લેતા ?

પૂજ્ય મુનિમહારાજો જેવી રીતે સૂક્ષ્મ જીવોની દયા માટે બોધ આપે છે, આગમોનાં દૃષ્ટાંતો ટાંકે છે, તેવી રીતે કન્યાવિક્રયનો અધમ રીવાજ નષ્ટ કરવાની સમજ આપવી આવશ્યક છે.

## શ્રી ભાવનગરમાં દીક્ષા મહોત્સવ.

વૈશાખ શુદિ ૧૧ શે શા. ભીખાભાઈ માનચંદની પુત્રવધુ બેન સમરતે ભાવનગરમાં સુમારે ૨૦–૨૨ વર્ષની વયમાં બંને પક્ષની રાજી ખુશીથી ચારિત્ર ગ્રહણ કર્યું છે સાધ્વીજી લાભશ્રીજીની શિષ્યા થયેલ છે. નામ સાધ્વી પ્રભાશ્રી પાડ્યું છે. સૌભાગ્યવંતી સ્થિતિમાં આવી રીતે ચારિત્ર લેનાર ક્વચિતજ નીકળે છે.

# वर्तमान समाचार.

## શ્રી ખદડપરમાં પ્રતિષ્ઠા મહોત્સવ.

શ્રી ખદડપર ગામ ભાવનગરથી બાર ગાઉ દૂર આવેલું છે; ત્યાં બનાવેલા નવા જિનમંદિરમાં વૈશાખ શુદિ ૪ સોમવારે શ્રી પાર્શ્વનાથજીની સ્થાપના શા. કીલાભાઈ રામજીએ ઘણા ઉત્સાહથી કરી છે. બહારગામથી સુમારે એક હજાર માણસ આવ્યું હતું. ભાવનગરથી પણ સો ઉપરાંત જૈનબંધુઓ આવ્યા હતા. શેઠ નરોત્તમદાસ ભાણજી, પ્રેમચંદ રતનજી, ગીરધરલાલ આણંદજી, કુંવરજી આણંદજી વિગેરે ગૃહસ્થો આવ્યા હતા. પ્રતિષ્ઠા કરાવવા માટે મહોકમભાઈ અમદાવાદથી પધાર્યા હતા. મહોત્સવ માટે મંડપ નાખવામાં આવ્યો હતો. આઠ દિવસ રસોડું ખુલું રાખ્યું હતું. પ્રતિષ્ઠાનું મુહૂર્ત બહુ સારૂં જળવાયું હતું. તેજ દિવસે બપોરે શાંતિસ્નાત્ર ભણાવવામાં આવ્યું હતું. સાંજે આખા ગામને જમાડવામાં આવ્યું હતું. શાસનની ઉન્નતિ બહુ સારી થઈ છે. કીલાભાઈએ સામાન્ય સ્થિતિ છતાં બહુ ઉદારતાથી દ્રવ્યનો વ્યય કર્યો છે. તેમના શેઠ નરોત્તમભાઈએ પણ ચાંડલા તરીકે સારી રકમ આપીને ઉદારતા બતાવી છે. અમે એ શુભ કાર્યની અનુમોદના કરીએ છીએ.

## રાણપુરમાં ઉદ્યાપન ને દીક્ષા મહોત્સવ.

શ્રી રાણપુરમાં શેઠ નાગરદાસ પુરૂષોત્તમદાસને ત્યાં વર્ષીતપના પારણા કરવાના હોવાથી તે પ્રસંગને લઈને તેઓએ નવપદજીનું ઉજમણું માંડયું હતું. પંન્યાસ ભક્તિવિજયજી ખાસ તે પ્રસંગ ઉપર પધાર્યા હતા. નાગરદાસભાઈએ દ્રવ્યનો વ્યય બહુ સારી રીતે કર્યો છે. ઉજમણામાં છોડ વિગેરે વસ્તુઓ ઘણી સારી મૂકી છે. અઠ્ઠાઈ મહોત્સવ કર્યો છે.

સદરહુ મહોત્સવની પૂર્ણાહુતિમાં વૈશાખ શુદિ ૧૦ મે શ્રી પાલીતાણા નિવાસી શ્રાવક ભીખાભાઈ ભગવાનદાસે પં. ભક્તિવિજયજી પાસે ઘણા શુભ ભાવથી ચારિત્ર ગ્રહણ કર્યું છે. તે પ્રસંગનો મહોત્સવ શ્રી સંઘે બહુ સારી રીતે કર્યો છે. તેમનું નામ મુનિ ભુવનવિજયજી રાખવામાં આવ્યું છે. તે પ્રસંગે બીજા પણ ૩૫ શ્રાવક શ્રાવિકાએ ચતુર્થ વ્રત, બાર વ્રત, વીશ સ્થાનકાદિ તપ ઉચ્ચરેલ છે. શાસનોન્નતિ સારી થઈ છે. નાગરદાસે અતિથિનો સત્કાર ઉત્તમ રીતે કર્યો છે.

એ પ્રસંગ ઉપર ભીખાભાઈના સંસારી મિત્ર અંબાલાલ હરિવલ્લભદાસ આવ્યા હતા. તેમને ભીખાભાઈએ સારી લાઇનમાં ચડાવેલા હોવાથી તેઓ તેમનો ઉપકાર માનતા હતા. તેઓ વૈષ્ણવ સંપ્રદાયના હતા છતાં મહારાજ-

જીના ઉપદેશે તેમની ઉપર બહુ સારી અસર કરી હતી, જેથી તેમણે પણ કેટલાક નિયમો ગ્રહણ કર્યાં હતા અને રૂા. ૫૦) દર વર્ષે દીક્ષાની તિથિએ વ્યાજમાં આંગી કરાવવા શ્રી સંઘને અર્પણ કર્યાં હતા. શ્રી સંઘે એ તિથિ કાયમ પાળવાનો ઠરાવ કર્યો હતો.

આ પ્રસંગ ઉપર દીક્ષિતના સગા ભાઇ રાયચંદ ભગવાનદાસ આવ્યા હતા અને તેમણે કુંકુમપત્રિકા છપાવી શ્રી સંઘને આમંત્રણ કર્યું હતું. આવો પ્રચાર બહુ પસંદ કરવા લાયક છે.

## શ્રી ભાવનગરમાં પ્રતિષ્ઠામહોત્સવ.

શ્રી ભાવનગરના વડવાના નામથી ઓળખાતા પરામાં શ્રીચંદ્રપ્રભુજીના દેરાસરમાં બીજું શ્રીનેમિનાથજીનું મંદિર પ્રથમ એક સાધારણ ઓરડા જેવું હતું, તે શ્રીસંઘે કરીને બહું સુંદર બંધાવતાં તેની અંદર શ્રીનેમિનાથજી તથા બીજા ૧૪ જિનબિંબોની પ્રતિષ્ઠા વૈશાક વદિ ૭ ગુરૂવારે મોટી ધામધુમ સાથે કરવામાં આવી છે. મૂળનાયકજી શેઠ પરમાનંદદાસ રતનજીએ મોટી રકમ નકરાની આપીને બીરાજમાન કર્યા છે, સ્વામિવાત્સલ્યાદિકમાં તેમજ પ્રતિષ્ઠામહોત્સવ ને શાંતિસ્નાત્રાદિકમાં પણ તેમણે સારો વ્યય કર્યો છે. પ્રતિષ્ઠાને દિવસેજ શાંતિસ્નાત્ર ભણાવવામાં આવ્યું છે. ક્રિયા કરાવવા શ્રી છાણી નિવાસી શેઠ જમનાભાઇ હીરાચંદ પધાર્યા હતા.

બિંબપ્રવેશ શુદિ ૧૧ શે કરાવી કુંભ સ્થાપના, અખંડ દીવાનું સ્થાપન વિગેરે કરવામાં આવ્યું હતું. વદિ ૧ થી મહોત્સવ શરૂ કરવામાં આવ્યો હતો, વદિ ૫મે જળયાત્રાનો વરઘોડો બહુ ધામધુમ સાથે ચડાવવામાં આવ્યો હતો, વદિ ૬ ઠે ગ્રહદિગ્પાલાદિનું પૂજન કરાવવામાં આવ્યું હતું ને વદિ ૭મે શ્રી સંઘના અત્યંત ઉત્સાહ વચ્ચે પ્રતિષ્ઠા કરાવવામાં આવી હતી.

પ્રથમ આ દેરાસરમાં નાના મોટા ૪૫ જિનબિંબો હતા. તે દેરાસર નવું કરાવતાં અન્ય સ્થાને પધરાવેલા હતા. તેમાંથી માત્ર ૧૫ બિંબોનીજ પ્રતિષ્ઠા કરવામાં આવી છે. બીજા બિંબો બહારગામવાળા વિગેરે જે લેવા આવે તેને યોગ્યતાનુસાર આપવા માટે રાખવામાં આવ્યા છે. બીજી લાઇન કરવાનું ને પ્રતિમાજીનો વિસ્તાર વિશેષ કરવાનું શ્રી સંઘે પસંદ કર્યું નથી. પ્રથમ પધરાવેલમાં જેનાં બે કે ત્રણ બિંબ હતા તેમને પણ એક પધરાવવા આપ્યા છે અને તેઓની પાસેથી તેમની ઇચ્છાનુસાર યોગ્ય નકરો લેવામાં આવ્યો છે.

પ્રવર્તકજી શ્રીકાંતિવિજયજી મહારાજ સપરિવાર ભાવનગરમાં બીરાજે છે.

તેમના હસ્ત નીચે આ ઉત્તમ કાર્ય કરવામાં આવ્યું છે. બીજા મુનિરાજ તથા સાધ્વીઓ પણ આ પ્રસંગ ઉપર પધાર્યા હતા.

પ્રતિષ્ઠાને દિવસે વણિકવર્ગની ચોરાશી જમાડવામાં આવી હતી, જેથી જૈનેતર વર્ગે પણ ઘણી અનુમોદના કરી છે. આ ચોરાશી શેઠ રતનજી જીવણદાસ તથા શેઠ પ્રેમચંદ રતનજીની કુંપનીના નામના નોતરાં આપીને જમાડવામાં આવી છે. ભાવનગર ખાતે આ વર્ષમાં આ બીજો પ્રતિષ્ઠા મહોત્સવ થયો છે.

## સ્ફુટ નોંધ અને ચર્ચા.

શ્રી 'મહાવીર'ના વૈશાખ વદિ ૧ ના અંકમાં **દક્ષિણ ભારતમાં આવેલાં પ્રાચીન જૈનસ્થળો** વાળા લેખમાં જૈન ધર્મ એ બૌધ ધર્મની એક નાસ્તિક શાખા છે એમ લખ્યું છે, તેની નોટમાં અનુવાદકે લખ્યું છે કે—"યુરોપીય સાક્ષર જેકોબીએ એમ પૂરવાર કર્યું છે કે બૌદ્ધ કરતાં જૈન ધર્મ વધારે પ્રાચીન છે. ખરી વાત તો એવી છે કે જૈન અને બૌદ્ધ બંને ધર્મો મૂળ વૈદિક ધર્મમાંથી કેટલાક વિશિષ્ટ તત્ત્વો સાથે ઉત્પન્ન થયા છે. નાસ્તિક કહેવાનો અર્થ એટલોજ છે કે તેમને વેદના પ્રામાણ્યમાં આસ્થા અગર શ્રદ્ધા નથી." આવી આવી હકીકતો મન માને તેમ લખવામાં આવે છે, તેનો એડીટર સાહેબે તે સાથેજ પ્રતિકાર કરવો જોઇએ. આવી બાબત ઉપેક્ષણીય નથી.

* * * *

'સાહિત્ય'ના મે માસના અંકમાં પેલો લેખ **કુમારપાળ** એ નામનો રા. ધૂમ્રકેતુએ લખેલો છે, તેની અંદર વાકયરચના કેટલેક સ્થળે અયોગ્ય વાપરી છે, કલ્પનાઓ અયોગ્ય કરી છે. ગુજરાત ઉપર ખાસ ઉપકાર કરનારા રાજા કુમારપાળ અને મહાવિદ્વાન હેમચંદ્રાચાર્યનો ઉપકાર માનવાને બદલે તેમની ભૂલો બતાવી છે ને ઐતિહાસિક રીતે પણ કેટલીક હકીકત વિરૂદ્ધ લખી છે. આ બાબતમાં જૈન વિદ્વાનોએ ખાસ ઉત્તર લખવાની આવશ્યકતા છે. તેમાં પણ ઐતિહાસિક વિષયના જ્ઞાતાએ ખાસ ધ્યાનપૂર્વક વાંચીને તે સંબંધમાં તે માસિક ઉપરજ લેખ લખી મોકલવાની આવશ્યકતા છે.

* * * *

**જૈન** પત્રના તા ૨૧મી મેના અંકમાં "પ્રકાશની બેધારી સમાલોચના" એ મથાળા નીચે ઐતિહાસિક રાસ સંગ્રહ ભાગ ૪ થાને માટે અમે પોસના અંકમાં પહોંચ આપ્યા પછી માહના અંકમાં તેવા રાસો પ્રગટ કરવાની હાલ અગત્ય નથી એવું સ્ફુટ નોંધ ને ચર્ચામાં જે લખ્યું છે તે બાબત 'વિચારક તંત્રી માટે એ ઠીક ન કહેવાય' એવું મુનિ વિદ્યાવિજયજીએ તેમના પર

લખેલ છાપ્યું છે; પરંતુ અમે પ્રથમ માત્ર તે બુક ઉપલક જોઇને પહોંચ આપેલી, પછી ઉંડા ઉતરીને વાંચી જોતાં તેવી બુકની અગત્ય ન લાગવાથી માહ માસના અંકમાં સકારણ વિચાર ફેરવ્યાનું સ્પષ્ટ લખેલું છે, જેથી એમ લખવાની જરૂર નથી.

**શ્રી યશોવિજયજી જૈન ગુરૂકુળ-પાલીતાણાનો** સં. ૧૯૭૪-૧૯૭૫ ને સં. ૧૯૭૫-૭૬ નો બે વર્ષનો રીપોર્ટ મળ્યો હતો. તેની પહોંચ આપવી રહી ગઇ હતી. આ ગુરૂકુળે કામ બહુ સારૂં કરવા માંડ્યું છે. એકંદર ૭૫ લગભગ વિદ્યાર્થીઓ તેનો લાભ લે છે. રીપોર્ટની અંદર ઘણી હકીકત સમાવેલી છે, તે અહીં લખતાં વિસ્તાર થઇ જાય તેમ છે. ખાતું ખાસ સહાય આપવા લાયક છે, રીપોર્ટ ખાસ વાંચવા લાયક છે, વાંચવા ઇચ્છનારે પત્ર લખીને ત્યાંથી મંગાવી લેવો. ખાતામાં સીલક બહુ જુજ છતાં મોટી રકમનો ખર્ચ માત્ર જાતિ પ્રયાસવડેજ તેના કાર્યવાહકો પૂરો કરે છે, તે ખાતે તેમને ધન્યવાદ ઘટે છે. ભાવનગર ખાતે શા. ગુલાબચંદ આણંદજી અને વલ્લભદાસ ત્રિભુવનદાસ વિગેરે અને મુંબઇ ખાતે શેઠ જીવણચંદ ધરમચંદ, ફકીરચંદ કેશરીચંદ અને લલુભાઇ કરમચંદ વિગેરે બહુ સારો પ્રયાસ કરે છે. હાલમાં મકાન પણ મોટે ખર્ચે બંધાવીને ખાતાની માલેકીમાં તેમજ કદતામાં વૃદ્ધિ કરી છે. અમે એ ખાતાની અંતઃકરણથી ફત્તેહ ઇચ્છીએ છીએ.

**સ્વ. મહાત્મા ગોખલેજીનો જીવન સંદેશ**—આ નામની બુકના પૃષ્ઠ ૨૭ ઉપર લખ્યું છે કે-“આ કઠણ કળિકાળમાં સ્વચ્છ ધર્મવૃત્તિ કોઇકજ જગ્યાએ જોવામાં આવે છે. ઋષિઓ, મુનિઓ, સાધુઓનું નામ ધરાવી જેઓ હાલ ભ્રમણ કરતા જોવામાં આવે છે તેમાં આ વૃત્તિ ભાગ્યેજ જોવામાં આવે છે. તેઓ ધર્મના ખજાનચી નથી એ તો સૌ કોઇ જોઈ શકે છે. એકજ સુંદર વાક્યમાં ધર્મ ક્યાં હોઇ શકે? એ ભક્ત શિરોમણિ કવિ નરસિંહ મહેતાએ બતાવી આપ્યું છેઃ—

જયાં લગે આતમ તત્ત્વ ચિંત્યો નહિ, ત્યાં લગે સાધના સર્વ જૂઠી.

આવું તેના અનુભવસાગરમાંથી નીતરી આવેલું તેનું વચન છે. એ ઉપરથી આપણે જાણી શકીએ છીએ કે મહા તપસ્વી-મહાયોગી કે જે યોગની બધી ક્રિયાઓ જાણતા હોય તેમાં પણ ધર્મ વસે છે એમ હમેશાં હોતું નથી. ગોખલેજીએ આત્મતત્ત્વની સરસ ઓળખ કરી હતી એ વિષે મને જરાએ શંકા નથી. તેમણે ધર્મનો દેખાવ કદી નથી કર્યો, એમ છતાં તેમનું જીવન ધર્મમય હતું.” ઇત્યાદિ. આટલા વાકય ઉપરથી આપણે જૈનબંધુઓએ ઘણો ધડો લેવા લાયક છે. એ બુકમાં આવાં ઘણાં વાકયો વાંચવા ને વિચારવા જેવા છે. નરસિંહ મહેતાનાં વચન પ્રમાણેજ શ્રી આનંદઘનજી મહારાજનું પણ વચન છે. તેનો અર્થ ખાસ ધ્યાનમાં લેવા લાયક છે.

## જૈનબંધુઓને જાહેરખબર.

પાલીતાણા પાસે મોખડકા ગામમાં નવું શિખરબંધ દેરાસર બંધાવવામાં આવ્યું છે. તેમાં શ્રી મહાવીર સ્વામીની પ્રતિષ્ટા સં. ૧૯૭૯ના માગશરમાં કરવા ધારણા છે, તેથી જેમની ઇચ્છા મૂળનાયકજી પધરાવવાની હોય તેમણે નકરાની યોગ્ય રકમ લખીને તે સંબંધી પત્ર ભાવનગર શા. ગીરધરલાલ આણંદજી ઉપર અથવા પાલીતાણે નગરશેઠ વનમાળી બેચરભાઇ ઉપર લખવો.

શ્રીસંઘ-મોખડકા.

## સ્વાર્થ અને પરમાર્થ.

ગોંડલ રાજ્યની ખાસ પરવાનગીથી ધોળેરા પાંજરાપોળના હિત માટે એક ઈનામી ફંડ કાઢેલ છે.

ટીકીટ એકલાખ. દરેકની કીંમત રૂ ૧)-ઇનામ ૧૦૪૩-રૂ ૨૩૫૦૦) પચાસ હજાર ટીકીટોના પ્રમાણમાં રાખેલા છે; ટીકીટો જેટલી વધારે ખપશે તેના પ્રમાણમાં ઇનામો વધારવામાં આવશે. હાલ પ્રથમ ઇનામ દશ હજારનું, બીજું પાંચ હજારનું વિગેરે છે. ખોલવાની મુદત તા. ૨૩-૭-૨૨ ની છે. ખરીદ કરવા ઇચ્છનારે નીચેને શીરનામે પત્ર લખવો,

ચીફ એજંટ અને સેક્રેટરી—શા. મગનલાલ સવચંદ—ધોળેરા. કાઠીયાવાડ.

## શ્રી જૈન ધર્મ પ્રકાશના ગ્રાહકોને મોટી ભેટ.

વિનોદકારી કથા સંગ્રહનું ગુજરાતી ભાષાંતર પુ. ૩૭-૩૮ની ભેટ તરીકે છપાય છે. સુમારે ૧૬-૧૭ ફારમની (લગભગ ૨૭૫ પૃષ્ટની) બુક થશે. તેના પોસ્ટેજ માટે એક આનો ગણાતા લવાજમના રૂ ૧-૧૨-૦માં લેવામાં આવે છે, અને બે વરસની ભેળી ભેટ મોકલતાં બે આના આવે છે; પણ સરકારે પોસ્ટેજ વધારવાથી (ડબલ કરવાથી) તેટલામાં આવવી મુશ્કેલ છે. વેલ્યુ૦ કરીને મોકલવામાં સરકારે બે આના મનીઓર્ડર ફીના આપ્યા હોય છતાં બે આના વેલ્યુ૦ લેનાર પાસેથી રજીસ્ટરના વધારે લેવાનું શરૂ કર્યું છે; તેથી ગ્રાહક બંધુઓ જો પુ. ૩૭-૩૮ બંને વર્ષનું લવાજમ મનીઓર્ડરથી મોકલી આપશે તો અમે ભેટની બુક વેલ્યુ૦ થી ન મોકલતાં બુકપોસ્ટથી મોકલશું, જેથી ગ્રાહકને બે આનાનો લાભ થશે. બુક એક મહીના લગભગમાં બહાર પડશે.

## નવું જૈન પંચાંગ.

સંવત ૧૯૭૮ ના ચૈત્રથી સંવત ૧૯૭૯ ના ફાગણ સુધીનું.

શેઠ ઉજમશી પુરૂષોત્તમદાસ રાણપુરનિવાસીના ફોટાવાળું.

કિંમત ૦-૦-૯. પોસ્ટેજ ૦-૦-૬.

મંગાવનારે તાકીદે મંગાવવા તસ્દી લેવી.